Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

दंसणमूलो धम्मो

# આત્મધર્મ

આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૩૨૨





## ધર્માત્માનું જીવન ! જ્ઞાનનો કસ !
## સૌથી મોટું શાસ્ત્ર !

* આત્મઅનુભવથી મોટું કોઈ શાસ્ત્ર આ જગતમાં નથી.
* શાસ્ત્રભણતરના રહસ્યમાંથી જો રસ અને ફોતરાંનું (એટલે કે જ્ઞાન અને રાગનું) પૃથક્કરણ કરવામાં આવે તો માત્ર સ્વાનુભવરૂપી કસ જ બાકી રહે છે; એટલે બધાય શાસ્ત્રોનો રસ-કસ સ્વાનુભવમાં સમાય છે.
* ભગવાને સ્વાનુભૂતિને સમસ્ત જિનશાસન કહ્યું છે.
* ધર્મનું જીવન અને ધર્મનો પ્રાણ સ્વાનુભૂતિ છે. તારે ધર્માત્માનું અંતરનું ખરું જીવન જાણવું હોય તો તેમની સ્વાનુભૂતિને ઓળખ.
* સ્વાનુભૂતિમાં આનંદમય સર્વસુખ પમાય છે, તે સર્વદુઃખ મટે છે.

તંત્રી પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર * સંપાદક : બ્ર. હરિલાલ જૈન
વીર સં. ૨૪૯૬, શ્રાવણ (લવાજમઃ ચાર રૂપિયા) વર્ષ ૨૭ : અંક ૧૦
શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

**શ્રાવણ સુદ પૂર્ણિમાઃ વાત્સલ્યધર્મનું મહાન પર્વ !**

ધર્મ પ્રત્યેનું વાત્સલ્ય એ ધર્મીજીવનું ચિહ્ન છે. રત્નત્રયરૂપ જે માર્ગ તેમાં અભેદબુદ્ધિરૂપ પરમ વાત્સલ્ય, અને તે રત્નત્રયમાર્ગમાં ચાલનારા પોતાના સહધર્મીઓ પ્રત્યે પણ નિસ્પૃહ વાત્સલ્ય, તે પોતાના ધાર્મિકપ્રેમની નિશાની છે. વીતરાગમાર્ગને સાધી રહેલા બીજા ધર્માત્માઓને દેખીને, પ્રસન્નતાથી 'અહો ! આ કેવા ઉત્તમ ધર્મને સાધી રહ્યા છે!'–એવો અંતરનો ઉલ્લાસ આવે છે ને તે ઉલ્લાસવડે પોતે પોતાના ધાર્મિકભાવને પુષ્ટ કરે છે. મને કે મારા સાધર્મીને ધર્મની સાધનામાં કદી કોઈ વિઘ્ન ન હો, ને એવો બાહ્ય પ્રસંગ આવી પડે તો તે કેમ દૂર થાય, એવી વાત્સલ્યભાવનાવડે જૈનશાસન શોભે છે. ધન્ય છે તે વાત્સલ્યવંતા ધર્માત્માઓને.

**આત્મધર્મનું ગૌરવ-**

વિચારક મુમુક્ષુઓનો વિશાળ વાચકવર્ગ ધરાવતું આપણું આ 'આત્મધર્મ' પૂ. ગુરુદેવની મંગલ છાયામાં, સૌ સાધર્મીઓના સહકારપૂર્વક વિકસી રહ્યું છે.....હિંદી–ગુજરાતી મળીને આજે તેના પાંચહજાર ઉપરાંત ગ્રાહકો છે, અને વર્ષ પૂરું થતાં પહેલાં જ લગભગ બધા ગ્રાહકો પોતાનું નવું લવાજમ પોતાની મેળે જ મોકલી આપે છે; બીજા પત્રોને પોતાનું લવાજમ વસુલ કરવા કેટલીયે સૂચનાઓ ને યોજનાઓ ઘડવી પડે છે, V. P. કરીકરીને લવાજમ મંગાવવા પડે છે, ત્યારે આપણા આત્મધર્મના હજારો જિજ્ઞાસુઓ સામેથી વેલાસર લવાજમ મોકલી આપે છે.–આવા અધ્યાત્મરસિક વાંચકોનો સમૂહ તે આત્મધર્મનું ખાસ ગૌરવ છે.....ગુરુદેવે બતાવેલા અધ્યાત્મતત્ત્વ પ્રત્યે જિજ્ઞાસુઓનો કેટલો પ્રેમ છે! તેની તે પ્રસિદ્ધિ કરે છે. ( નવા વર્ષનું લવાજમ રૂા ચાર છે; અને તે સોનગઢમાં અથવા પોતાના ગામમાં મુમુક્ષુમંડળમાં ભરી શકાય છે. વર્ષની શરૂઆત દીવાળી–આસો વદ અમાસથી થાય છે. પાછળથી ઘણા અંકો અપ્રાપ્ત થઈ જાય છે એટલે શરૂઆતથી ગ્રાહક થઈ જવું વધું સારૂં છે. )

આત્મધર્મને માટે લેખ–સમાચાર વગેરે મોકલનાર બંધુઓને સૂચના કે જે કાંઈ લખાણ મોકલવાનું હોય તે સ્પષ્ટ સુવાચ્ય અક્ષરે, સીધું સંપાદક ઉપર મોકલવું જરૂરી છે. બીજા ઉપર મોકલાયેલું લખાણ ઘણી વખત સંપાદકને મળતું હોતું નથી, અગર ખૂબ વિલંબથી મળે છે, તેથી એવા લખાણોને સ્થાન આપવાનું મુશ્કેલ બને છે. આત્મધર્મમાં સમાચારો અત્યંત ટૂંકામાં લેવામાં આવે છે, કેમકે તેનો મુખ્ય ઉદ્દેશ તત્ત્વજ્ઞાન પીરસવાનો છે. જિજ્ઞાસુઓ ઉત્તમ સલાહ–સૂચનાઓ વડે આત્મધર્મના વિકાસમાં સહકાર આપે–એવી ભાવના છે.

દીવાળી સુધીનું
લવાજમ
બે રૂપિયા

દંસણ મૂલો ધમ્મો
આત્મધર્મ
આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

વીર સં. ૨૪૯૬
શ્રાવણ
1970 Aug

* વર્ષ ૨૭ : અંક ૧૦ *

# ધ.....ર્મ

ધર્મપ્રાપ્તિનો ઉલ્લાસ એ જ સાચું વાત્સલ્ય.
ધર્મપ્રાપ્તિનો ઉગ્ર ઉદ્યમ એ જ ઉત્તમ ઉદ્યોતન.
ધર્મ દ્વારા પરિણતિના પ્રવાહનો સ્વસન્મુખ વેગ
–એ જ સાચોસંવેગ.
ધર્મની આરાધનાના પરિણામમાં પરભાવનો અભાવ
–એ જ નિર્વેદતા.
ધર્મમાં ચિત્તનું જોડાણ એ જ જીવની સાચી અનુકંપા.
ધર્મરૂપ સમ્યક્ત્વ–પરિણતિ એ જ પરમ આસ્તિક્યતા.
ધર્મરૂપ નિર્દોષ પરિણતિ એ જ નિઃશંકતા.
ધર્મ દ્વારા સ્વતત્ત્વની અનુભૂતિમાં પ્રવેશ એ જ નિર્ભયતા.
ધર્મ દ્વારા આત્મગુણોનો વિકાસ એ જ મહા પ્રભાવના.
ધર્મ દ્વારા સ્વતત્ત્વમાં સ્થિતિ એ જ સ્થિતિકરણ.
ધર્મરૂપ વીતરાગપરિણતિ તે જ ઉત્તમ ક્ષમાદિક.
ધર્મરૂપ સ્વસમયપણું તે જ રત્નત્રયરૂપ મોક્ષમાર્ગ.
–આમ સ્વભાવધર્મમાં સર્વ ગુણો સમાય છે.
–આવા ધર્મને હે જીવ ! તું ઉત્સાહથી આરાધ.

# હે જીવ ! ઉત્સાહભાવથી જિનમાર્ગને આરાધ

## વીર ભગવાને કહેલા વીતરાગમાર્ગની પ્રસિદ્ધિ

**અષાઢ વદ એકમની સવારમાં, વિપુલગિરિ પર સમવસરણમાં બિરાજમાન વર્ધમાન તીર્થંકરના સ્મરણપૂર્વક, સોનગઢમાં આનંદ-ઉલ્લાસભર્યું વાતાવરણ હતું. વીરધ્વનિનો સાર સાંભળવા ગામેગામના જિજ્ઞાસુઓ એકઠા થયા હતા. સવારમાં જિનમંદિરમાં વીરનાથ જિનેન્દ્રની, સીમંધરનાથ જિનેન્દ્રની, અને જિનવાણી માતાની ભક્તિપૂર્વક પૂજા થઈ. ત્યારબાદ પ્રવચનના પ્રારંભમાં વીરનાથની દિવ્યધ્વનિનો ઇતિહાસ સંભળાવતાં ગુરુદેવે જે ભાવભીનું પ્રવચન કર્યું તે જિનમાર્ગમાં ઉત્સાહિત કરનારું છે; તેનો સાર અહીં આપ્યો છે.**

卐

આજે રાજગૃહીમાં વિપુલાચલ પર્વત ઉપર મહાવીર પરમાત્માની દિવ્ય વાણી પહેલવહેલી નીકળી. આજે શાસ્ત્રીય શ્રાવણ વદ એકમ છે, શાસનમાં હિસાબે આજે બેસતું વર્ષ છે. ભગવાનને કેવળજ્ઞાન તો ૬૬ દિવસ પહેલાં વૈશાખ સુદ દશમે ૠજુ નદીના કિનારે ( સમ્મેદશિખરથી દશેક માઈલ દૂર ) થયું હતું; પણ તે વખતે ગણધર થવા યોગ્ય જીવની ઉપસ્થિતિ ન હતી, અહીં વાણીનો યોગ પણ ન હતો, શ્રોતાઓની તેવી લાયકાત પણ ન હતી, એટલે ૬૬ દિવસ સુધી વાણી ન નીકળી. વાણી નીકળી પણ જીવો ધર્મ ન પામ્યા–એમ નથી; તીર્થંકરની વાણી નીકળે ને ધર્મ પામનાર જીવો ન હોય –એમ ન બને. ભગવાનની વાણી ધર્મવૃદ્ધિનું જ કારણ છે. પૂર્વે ધર્મવૃદ્ધિના ભાવે બંધાયેલી વાણી, અન્યજીવોને ધર્મની વૃદ્ધિનું જ નિમિત્ત છે. ૬૬ દિવસ બાદ આજે ( અષાઢ વદ એકમે ) જ્યારે ગૌતમ–ઇન્દ્રભૂતિમહારાજ પ્રભુના સમવસરણમાં આવ્યા ને પ્રભુનો દિવ્ય દેદાર દેખતાં જ તેમનું માન ગળી ગયું, પ્રભુના પાદમૂળમાં પંચમહાવ્રત ધારણ કર્યા ને મુનિ થયા, ભગવાન મહાવીરની દિવ્યવાણી

પહેલવહેલી આજે છૂટી, ગૌતમસ્વામી તે વાણી ઝીલીને ગણધર થયા અને તે વાણી ૧૨ અંગરૂપે ગૂંથી. તે જ વાણીની પરંપરામાં આ ષટ્ખંડાગમ વગેરે પરમાગમ રચાયાં છે; તેમજ સમયસાર, અષ્ટપાહુડ વગેરે પરમાગમ પણ જિનવાણી સાંભળીને કુંદકુંદાચાર્યદેવે રચેલાં છે. કુંદકુંદસ્વામીએ તો આ પંચમકાળમાં પણ વિદેહક્ષેત્રે જઈને તીર્થંકર પરમાત્માની દિવ્યવાણી સીધી સાંભળી હતી.

તે કુંદકુંદસ્વામી આ અષ્ટપ્રાભૃતમાં કહે છે કે હે જીવ! અંતરમાં તારા વિશુદ્ધ આત્માને ધ્યેય બનાવીને સમ્યગ્દર્શન પ્રગટ કર, તે જ મોક્ષનું સોપાન છે. સમ્યક્ત્વની આરાધના વગરનો જીવ સંયમનાં ગમે તેટલાં આચરણ કરે તોપણ તે નિર્વાણને પામતો નથી. માટે પ્રથમ નિર્મોહપણે સમ્યગ્જ્ઞાન સહિત શુદ્ધ સમ્યક્ત્વની આરાધના કરવી.

જે જીવ સમ્યક્ત્વ વડે આત્માને આરાધે છે તે આરાધક જીવ કેવો હોય તે વાત અહીં ચારિત્રપ્રાભૃત ગા. ૧૧–૧૨ માં કહે છે–

જે જીવ નિર્મોહપણે જિનસમ્યક્ત્વને આરાધે છે, તે જીવ વાત્સલ્ય, વિનય, અનુકંપા, સુપાત્રદાનમાં દક્ષપણું, માર્ગના ગુણોની પ્રશંસા, ઉપગૂહન, ધર્મરક્ષા અને આર્જવભાવ–એવા લક્ષણોથી લક્ષિત થાય છે.

જિનસમ્યક્ત્વ એટલે ભગવાન જિનદેવે શુદ્ધાત્માના શ્રદ્ધાનરૂપ જેવું સમ્યક્ત્વ કહ્યું છે તેવા જિનસમ્યક્ત્વની આરાધના કરનાર જીવને ધર્માત્મા પ્રત્યે વાત્સલ્ય હોય છે. ભગવાન જિનદેવના વીતરાગમાર્ગ સિવાય બીજા કોઈ કુમાર્ગના દેવી–દેવતાને જે માને તે તો જિનમાર્ગનો વિરાધક છે, તેને તો જિનસમ્યક્ત્વની આરાધના હોતી નથી. વીરપ્રભુના વીતરાગમાર્ગનો આરાધક જીવ નિર્દોષ વાત્સલ્યપૂર્વક ધર્મને સાધે છે. જેમ ગાયને, પોતાના વત્સ પ્રત્યે કુદરતી વાત્સલ્ય હોય છે, તેમ ધર્માત્માને ધર્માત્માપ્રત્યે સાધર્મી પ્રત્યે કુદરતી પ્રેમ–વાત્સલ્ય હોય છે. આનંદસ્વભાવનો પ્રેમ જગાડીને તેને જે સાધે છે એવા સમ્યક્ત્વવંત જીવને ધર્મ પ્રત્યે સહેજે ઉત્સાહ આવે છે, ને જ્યાં ધર્મ દેખે ત્યાં તેને વાત્સલ્ય ઊભરાય છે.

ધર્મનો જેને પ્રેમ ન હોય તેને ધર્મની આરાધના કેવી? ધર્મીને બીજા વિશેષ ધર્માત્મા પ્રત્યે વિનય–સત્કાર–બહુમાન હોય છે. રત્નત્રયમાં પોતાથી જે વિશેષ હોય તેના પ્રત્યે બહુમાન આવે, ઈર્ષા ન આવે. વળી ઉત્તમ દાનમાં તે દક્ષ હોય, અને દુઃખી જીવો પ્રત્યે અનુકંપા હોય,–કે એ જીવો જિનમાર્ગ વગર દુઃખી થઈ રહ્યા છે,

જિનમાર્ગને પામવાથી જ જીવો દુઃખથી છૂટી શકે છે. જીવો જિનમાર્ગને કેમ પામે? અને દુઃખથી કેમ છૂટે? એવો ભાવ ધર્મીને આવે છે.

વળી ધર્મીના અંતરમાં જિનમાર્ગના ગુણોની પરમ પ્રશંસા હોય છે. અહો, આવો ઉત્તમ જિનમાર્ગ! આવો નિર્ગ્રંથમાર્ગ જ જગતમાં પ્રશંસનીય છે. ધન્ય અવતાર.....કે આવો જિનમાર્ગ મને મળ્યો. જિનમાર્ગના મુનિવરો વીતરાગતાના લ્હાવા લે છે. અહો, ધન્યમાર્ગ! આવો અપૂર્વ માર્ગ મારે સાધવો છે.–એમ ઉલ્લાસ પૂર્વક જિનમાર્ગને સમકિતી જીવ સાધે છે; વારંવાર ઉત્સાહથી તેની પ્રશંસા કરે છે.

અહો, નિર્ગ્રંથમાર્ગના દિગંબર મુનિવરો ધન્ય છે, તેઓ કેવળજ્ઞાનની એકદમ નજીક વર્તે છે, જગતથી ને શરીરથી પણ નિસ્પૃહ છે ને નિજ સ્વરૂપમાં પરમ લીન છે; આવા મુનિઓ તે પોતે મોક્ષમાર્ગ છે. ધન્ય તેમનું જીવન! તેમનાં દર્શન થાય તે પણ ધન્ય છે! એમની દિગંબર વીતરાગદશા પરમ પ્રશંસનીય છે. જેને આવા નિર્ગ્રંથસ્વરૂપ મોક્ષમાર્ગની પ્રશંસાનો ભાવ નથી ને તેની નિંદા કરે છે તે મિથ્યાદ્રષ્ટિ છે. અહો, ચૈતન્યનું પરમ સુખ પામવાનો આ ઉત્તમ માર્ગ......તે જગતમાં અજોડ છે. આ જિનપંથમાં ચાલનારને સમ્યક્ત્વાદિ ગુણની પ્રાપ્તિ થાય છે; ચક્રવર્તી ને ઇન્દ્રો આ માર્ગને જ આરાધે છે. આમ સમકિતી જિનમાર્ગના ગુણની અત્યંત પ્રશંસા કરીને તેને આદરે છે.

વળી સમ્યક્ત્વનો આરાધક જીવ બીજા ધર્માત્માના કિંચિત્ દોષનું ઉપગૂહન કરીને તે દોષને ટાળે છે, તથા સાધર્મીને સંકટ હોય તો તે દૂર કરીને તેની રક્ષા કરે છે, ધર્મની રક્ષા કરે છે. અહો, આવો પરમ ઉત્તમ માર્ગ જેને હું આરાધું છું તેને જ આ જીવો આરાધે છે એટલે તે મારા સાધર્મી છે.–એમ આદરપૂર્વક ધર્માત્માની રક્ષા કરીને તેને ધર્મમાં સ્થિર કરે છે. બીજાને ધર્મ કરતા દેખીને પોતે ખુશી થાય છે. : વાહ! આ જીવ પણ ધર્મને કેવા સાધી રહ્યા છે! વળી ધર્મીને સરળભાવ–આર્જવતા હોય છે. સરળપણે પોતાના ગુણ–દોષ જોઈને ધર્મ પ્રત્યે ઉલ્લાસ કરે છે. આ પ્રકારના ભાવો વડે સમકિતી જીવ ઓળખાય છે.

જુઓ, આ ભગવાનનો માર્ગ! ભગવાન મહાવીરે આવો ઉત્તમ માર્ગ આજે રાજગૃહીમાં ઉપદેશ્યો, ને ગૌતમ ગણધરે તે ઝીલીને શાસ્ત્રરૂપ ગુંથ્યો, તે જ માર્ગની આ વાત છે. આવા માર્ગરૂપ જિનસમ્યક્ત્વની આરાધનાથી જીવ મોક્ષ પામે છે.

જેને અજ્ઞાનથી ભરેલા મિથ્યામાર્ગમાં ઉત્સાહ હોય, ને કુમાર્ગની પ્રશંસા–સેવા

–શ્રદ્ધા કરતો હોય તે જીવને જિનસમ્યક્ત્વ હોતું નથી. સમ્યગ્દ્રષ્ટિ–ધર્મી જીવને પરમ વીતરાગ એવા જિનમાર્ગમાં જ ઉત્સાહ હોય છે, તેની જ પ્રશંસા–સેવા અને શ્રદ્ધા કરે છે.–આવો જીવ જિનમાર્ગના મહિમાનું વારંવાર ચિંતન કરીને, સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રમાં પોતાનો ઉત્સાહ વધારે છે એટલે કે રત્નત્રયધર્મની શુદ્ધિ કરે છે; તેની પ્રશંસા અને મહિમા ફેલાવીને ઉત્તમ પ્રભાવના કરે છે. અહો, આ તો વીરપ્રભુએ વિપુલાચલ પર ઉપદેશેલો અપૂર્વ વીતરાગમાર્ગ છે. અનાદિથી આવો અપૂર્વ માર્ગ તીર્થંકર ભગવંતો કહેતા આવ્યા છે ને અનંતા જીવો આવા માર્ગને સાધીને મોક્ષ પામ્યા છે. મારે પણ આ જ માર્ગ સાધવાનો છે–એમ સમ્યકશ્રદ્ધા વડે મહાન ઉલ્લાસપૂર્વક ધર્મી જીવ મોક્ષમાર્ગને સાધે છે.

અરે, કુંદકુંદસ્વામી કહે છે કે જૈનના નામે ચાલતાં શ્વેતાંબરાદિક મતો પણ પ્રશંસનીય નથી, પરમ નિર્ગ્રંથરૂપ વીતરાગ જિનમાર્ગની શ્રદ્ધા કરીને તે જ પ્રશંસનીય છે. ભાઈ, પહેલાં સાચા માર્ગનો તો નિર્ણય કરો, માર્ગના નિર્ણય વગર મોક્ષને ક્યાંથી સાધશો ? મુનિ હોય ને વસ્ત્ર પહેરે–એવો માર્ગ ભગવાનનો નથી. અરે, જગતમાં કેટલાય મિથ્યામાર્ગ ચાલે છે તેવા માર્ગને સેવનારા મિથ્યાદ્રષ્ટિ જીવોનો સંગ પણ કરવા જેવો નથી.

ભગવાને કહેલો માર્ગ વીતરાગ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ છે. અહો ! વીતરાગમાર્ગી મુનિવરોની દશા અંતરમાં ને બહારમાં અલૌકિક હોય છે. અંતરમાં ત્રણ કષાયના અભાવથી પ્રચુર આનંદનું વેદન, અને બહારમાં નગ્ન દિગંબર દેહ–જેના પર વસ્ત્રનો તાણો પણ ન હોય,–એક જ વાર નિર્દોષ ભોજન લ્યે,–અંદર જ્ઞાન–ધ્યાન–ભાવનામાં ઘણી એકાગ્રતા હોય–આવી મુનિદશા જિનમાર્ગમાં હોય છે. હે જીવો ! સત્ય જ્ઞાનપૂર્વક જિનમાર્ગની શ્રદ્ધા કરીને તેનો ઉલ્લાસ કરો; તે જ મહા પ્રશંસનીય માર્ગ છે; આવા માર્ગની શ્રદ્ધા–સેવા–પ્રશંસા–ઉત્સાહરૂપ ભાવ તે સમ્યગ્દ્રષ્ટિનું લક્ષણ છે.

વિપુલાચલ પર વીર ભગવાને ( ૨૫૨૬ વર્ષ પહેલાં ) અષાઢ વદ એકમે દિવ્યધ્વનિ વડે આવા વીતરાગમાર્ગને પ્રસિદ્ધ કર્યો હતો. તે જ પરમસત્ય માર્ગ કુંદકુંદાચાર્ય વગેરે દિગંબર સંતો દ્વારા આજ સુધી ચાલ્યો આવ્યો છે. અંતર્મુખી જ્ઞાન વડે આવા વીતરાગમાર્ગને ઓળખીને પરમ મહિમા અને ઉલ્લાસથી તેની આરાધના કરવા જેવી છે.

जय महावीर........जय दिव्य ध्वनि........जय विपुलाचल

* * * * *

# ૫. ભાવ પ્રાભૃત

卐

ભગવાન શ્રી કુંદકુંદસ્વામી–રચિત અષ્ટપ્રાભૃતમાંથી પાંચમા ભાવ–પ્રાભૃતની મૂળ ગાથાના અર્થ અહીં આપ્યા છે. શરૂઆતના ચાર પ્રાભૃત (દર્શનપ્રાભૃત, સૂત્રપ્રાભૃત, ચારિત્રપ્રાભૃત અને બોધપ્રાભૃત) ગતાંકમાં આપ્યાં હતાં.

આ ભાવપ્રાભૃત ઘણું સુંદર છે. વૈરાગ્યભીની શૈલિથી ભાવશુદ્ધિનો સુંદર ઉપદેશ ૧૬૫ ગાથાઓ દ્વારા આચાર્યદેવે આ પ્રાભૃતમાં આપ્યો છે, અને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ ભાવશુદ્ધિને આરાધવાની વારંવાર ઉત્તમ પ્રેરણા કરી છે. અત્યંતપ્રિય એવું આ પ્રાભૃત આત્મધર્મ માં આપવાની ઘણા વખતથી ભાવના હતી, તે આ અંકમાં પૂરી થાય છે. ભાવપ્રાભૃત ઉપરનાં કેટલાંક સુંદર પ્રવચનો અગાઉ આત્મધર્મમાં તેમજ સુવર્ણસન્દેશમાં આવેલાં છે; તદુપરાંત ફરીને પણ ગુરુદેવનાં શ્રીમુખથી સાંભળવા મળે છે. આ ભાવપ્રાભૃત દ્વારા આચાર્યદેવે આપણને સમ્યક્ત્વાદિ શુદ્ધભાવની જ ભેટ આપી છે,–એમ સમજીને ભાવથી તેનો ઉદ્યમ કર્તવ્ય છે. બાકીનાં ત્રણ પ્રાભૃત આગામી અંકમાં આપીશું. – બ્ર. હ. જૈન

૧. નરેન્દ્ર, સુરેન્દ્ર અને ભવનેન્દ્રથી વંદિત જિનવરેન્દ્રોને સિદ્ધોને તથા બાકીનાં સંયતોને મસ્તક વડે નમસ્કાર કરીને હું ભાવપ્રાભૃત કહીશ.

૨. હે જીવ! ભાવ તે જ પ્રથમ લિંગ છે, દ્રવ્યલિંગને તું પરમાર્થરૂપ ન જાણ, જીવને ગુણ–દોષોનું કારણ ભાવ જ છે એમ જિનભગવંતો કહે છે.

૩. ભાવવિશુદ્ધિ અર્થે બાહ્ય પરિગ્રહનો ત્યાગ કરવામાં આવે છે; જે અભ્યંતર પરિગ્રહસહિત છે તેને બાહ્યત્યાગ નિષ્ફળ છે.

૪. ભાવરહિત જીવ હાથ લટકતા રાખીને અને વસ્ત્ર છોડીને અનેક ક્રોડાક્રોડી જન્મો સુધી તપશ્ચરણ કરે તોપણ સિદ્ધિને પામતો નથી.

૫. કોઈ જીવ બાહ્યપરિગ્રહને છોડે છે પણ જો પરિણામ અશુદ્ધ છે, તો ભાવશુદ્ધી વગરના તે જીવને બાહ્યપરિગ્રહનો ત્યાગ શું કરશે?

૬. હે મોક્ષમાર્ગના પથિક! તું ભાવને પ્રથમ જાણ; ભાવ વગરના દ્રવ્યલિંગથી તને શું લાભ છે? જિનોપદિષ્ટ શિવપુરીના પંથને પ્રયત્ન વડે તું જાણ.

૭. હે સત્પુરુષ! અનંતસંસારમાં અનાદિકાળથી તેં ભાવરહિતપણે બાહ્યનિર્ગ્રંથ રૂપોને ઘણીવાર ગ્રહ્યા અને છોડયા.

૮. ભીષણ નરકગતિમાં, તિર્યંચગતિમાં તથા કુદેવ અને કુમનુષ્યગતિમાં તું તીવ્રદુઃખ પામ્યો; માટે હે જીવ! હવે તું જિનભાવના ભાવ.

૯. હે જીવ! સાત નરકભૂમિમાં ઘણા લાંબાકાળ સુધી દારૂણ–ભીષણ ને અસહ્ય દુઃખો તેં નિરંતર ભોગવ્યાં, સહન કર્યાં.

૧૦. હે જીવ! ભાવરહિત એવો તું, તિર્યંચગતિમાં ખોદાવું, તપવું, બળવું, વીંઝાવું, વિછેદન અને નિરોધન વગેરે દુઃખો ચિરકાળ સુધી પામ્યો.

૧૧. હે જીવ! આગંતુક, માનસિક, સહજ અને શારીરિક એવા ચાર પ્રકારનાં દુઃખો મનુષ્યજન્મમાં તું અનંતવાર પામ્યો.

૧૨. હે મહાશય! શુભભાવના વગરનો તું, દેવલોકમાં દેવ–દેવીના વિયોગકાળે દુઃખી થયો, તેમ જ તીવ્ર માનસિક દુઃખને પામ્યો.

૧૩. હે જીવ! દ્રવ્યલિંગી એવો તું કાંદર્પી વગેરે પાંચ અશુભાદિ ભાવના ભાવીને દેવલોકમાં અત્યંત હલકો દેવ થયો.

૧૪. કુભાવનારૂપી ભાવ જેનું બીજ છે એવી ‘પાર્શ્વસ્થ’ વગેરે અશુભ ભાવનાઓ અનાદિકાળમાં અનેકવાર ભાવીને હે જીવ! તું દુઃખી થયો.

૧૫. પોતે હલકો દેવ થયો ત્યારે બીજા દેવોનાં બહુવિધ ગુણ–વિભૂતિ–ઋદ્ધિ અને માહાત્મ્ય દેખીને હે જીવ! તું બહુ માનસિક દુઃખ પામ્યો.

૧૬. અશુભ ભાવરૂપ પ્રયોજન સહિત ચાર પ્રકારની વિકથામાં આસક્ત અને મદમત્ત થઈને તું અનેકવાર કુદેવપણું પામ્યો.

૧૭. હે મુનિપ્રવર! અશુચિમય બીભત્સ અને કલિ–મલથી ભરેલા એવા અનેક જનનીના ગર્ભવાસમાં તું દીર્ઘકાળ સુધી રહ્યો.

૧૮. હે મહાશય! અનંત જન્માંતરોમાં જુદી જુદી જનેતાઓનું એટલું દૂધ તેં પીધું–કે જે સાગરનાં પાણીથી પણ ઘણું અધિક થાય.

૧૯. તારું મરણ થતાં દુઃખથી રડેલી જુદી જુદી અનેક જનનીનાં નયનોનું નીર સાગરનાં પાણીથી પણ અધિક છે.

૨૦. હે જીવ! અનંત ભવસાગરમાં છિન્ન ભિન્ન થયેલા તારા નખ–કેશ–નાળ અને હાડકાંને જો કોઈ દેવ ભેગાં કરે તો મેરુગિરિથી પણ મોટો ઢગલો થાય.

૨૧. હે જીવ! અનાત્મવશપણે તું ત્રિભુવનમધ્યે જળમાં, સ્થળમાં, અગ્નિમાં, પવનમાં, આકાશમાં, પર્વત પર, નદીમાં, કોતરમાં, વૃક્ષમાં, તેમ જ વન વગેરેમાં સર્વત્ર ચિરકાળ સુધી રહ્યો.

૨૨. આ લોકના ઉદરમાં રહેલાં સર્વે પુદ્ગલોને તેં ગ્રસિત કર્યા (ખાધા), ફરી ફરીને તેને ભોગવ્યાં, તોપણ તું તૃપ્તિ ન પામ્યો.

૨૩. હે જીવ! તૃષાથી પીડિત એવા તેં ત્રણભુવનનું બધું પાણી પીધું તોપણ તારી તૃષા ન મટી; માટે હવે એવું ચિંતન કર કે જેનાથી ભવમથન થાય.

૨૪. હે ધીર મુનિવર! આ અનંત ભવસાગરમાં તમે જે અનેક કલેવર ગ્રહણ કર્યાં અને છોડયાં તેનું કોઈ પ્રમાણ નથી.

૨૫–૨૬–૨૭. વિષથી, વેદન–રક્તક્ષય–ભયશસ્ત્રઘાત–સંકલેશથી, કે આહાર તથા શ્વાસના નિરોધથી આયુનો ક્ષય થાય છે; તેમ જ હિમથી, અગ્નિથી, પાણીથી, મોટા પર્વત કે ઝાડ ઉપરથી પડતાં, અંગભંગથી, રસવિદ્યાથી, યોગધારણાથી, તથા વિવિધ પ્રકારનાં બીજા અનેક પ્રસંગોથી મરણ થાય છે;–એ રીતે, દીર્ઘકાળમાં તિર્યંચ–મનુષ્યજન્મોમાં ઊપજી, હે મિત્ર! આવા અપમૃત્યુના તીવ્ર મહાદુઃખને તું ઘણીવાર પામ્યો.

૨૮–૨૯. નિકોતવાસમાં (અર્થાત્ લબ્ધિઅપર્યાપ્ત ભવોમાં) અંતર્મુહૂર્તમાં ૬૬૩૩૬ (છાંસઠ હજાર ત્રણસો છત્રીસ) વાર તું મરણ પામ્યો. તેમાંથી વિકલેન્દ્રિયમાં (દ્વિ–ત્રિ–ચતુર્ ઇન્દ્રિયમાં) અનુક્રમે એંસી, સાઈઠ તથા ચાલીસ, અને પંચેન્દ્રિયમાં ચોવીસ–એ પ્રમાણે અંતર્મુહૂર્તમાં ક્ષુદ્રભવ જાણો.

૩૦. હે જીવ! રત્નત્રયની અપ્રાપ્તિને કારણે એ રીતે દીર્ઘસંસારમાં તું ભમ્યો, એમ જિનવરદેવે કહ્યું છે, માટે તે રત્નત્રયને સમ્યક્પ્રકારે આચર.

૩૧. જે આત્મા આત્મામાં રત હોય તે જીવ પ્રગટપણે સમ્યક્દ્રષ્ટિ છે; આત્માને જે જાણે છે તે સમ્યગ્જ્ઞાન છે, અને આત્મામાં ચરે છે તે ચારિત્ર છે,–આવા રત્નત્રય તે માર્ગ છે.

૩૨. બીજાં અનેક પ્રકારનાં કુમરણ–મરણથી અનેક જન્માંતરોમાં તું મર્યો; હે જીવ! હવે તો એવા સુમરણ–મરણને ભાવ,–કે જેથી જન્મ–મરણનો વિનાશ થાય.

૩૩. જીવ દ્રવ્યશ્રમણ થવા છતાં પણ, ત્રિલોકપ્રમાણ સર્વક્ષેત્રમાં એક પરમાણુ જેટલી પણ એવી ખાલી જગ્યા નથી કે જ્યાં તે જન્મ્યો ન હોય ને મર્યો ન હોય.

૩૪. જિનલિંગ પામીને પણ પરંપરા ભાવરહિત એવો જીવ અનંતકાળમાં જન્મ–જરા–મરણથી પીડિત દુઃખી જ થયો.

૩૫. હે જીવ ! અનંત ભવસાગરમાં ભમતાં તેં, પ્રત્યેક પ્રદેશને, પ્રત્યેક સમયને, પ્રત્યેક પુદ્ગલને, પ્રત્યેક આયુને, પ્રત્યેક પરિણામને, પ્રત્યેક નામને અને પ્રત્યેક કાળને ઘણીવાર ગ્રહ્યા તથા છોડયા.

૩૬. ત્રણસો તેંતાલીસ રાજુપ્રમાણ જે આ લોકક્ષેત્ર, તેમાં આઠ મધ્યપ્રદેશ છોડીને એવું કોઈ ક્ષેત્ર બાકી નથી કે જ્યાં જીવ ભમ્યો ન હોય.

૩૭. આ મનુષ્યશરીરના એકેક અંગુલમાં છન્નું વ્યાધિઓ થાય છે એમ તું જાણ. તો પછી આખાય શરીરમાં કેટલા રોગ કહ્યા છે ?–તે કહે.

૩૮. હે મહાજશ ! તે બધાય રોગ તેં પરવશપણે પૂર્વભવમાં સહ્યાં, અને ભાવશુદ્ધિ વગર હજી પણ સહીશ–બહુ કહેવાથી શું ?

૩૯. હે જીવ ! પિત્ત, આંતરડા, મૂત્ર, મેદ, કાળજાું, રૂધિર, પરુ અને કૃમિજાળ–એવી અશુચીથી ભરેલા ઉદરમાં અનેક વાર નવ–દશ માસ સુધી તું વસ્યો.

૪૦. હે જીવ ! માતાએ ખાધેલા એઠા અન્નને આરોગીને, તથા દાંતથી ચાવેલા એઠા ખોરાક કાચા મળ અને રુધિરની વચ્ચે જનનીના જઠરમાં તું રહ્યો.

૪૧. હે મુનિવર ! બાળપણ પામીને, શિશુકાળમાં અજ્ઞાનથી અશુચી વચ્ચે તું ઘણીવાર આળોટયો, અને મલિન વસ્તુ તેં ખાધી.

૪૨. આ દેહરૂપી ઘડો, માંસ–હાડકાં–શુક્ર–શ્રોણિત–પિત્ત–આંતરડા–સડેલી દુર્ગંધ, કાચા મળ–મેદ અને બગડેલું લોહી–એવા મલિન પદાર્થોથી ભરેલો છે.–એમ હે જીવ તું ચિંતવ.

૪૩. જે ભાવથી વિમુક્ત છે તે જ મુક્ત છે; માત્ર બાંધવાદિ મિત્રોથી જે મુક્ત છે તેને મુક્ત નથી કહેતા.–આમ ચિંતવીને હે ધીર ! તું અભ્યંતર ગંધને છોડ ( અર્થાત્ અભ્યંતર ગ્રંથિરૂપ મોહવાસનાને છોડ ).

૪૪. જેણે દેહાદિનો સંગ છોડયો છે એવા ધીર બાહુબલીનું ચિત્ત માનકષાયથી કલુષિત હોવાને લીધે, આતાપનયોગમાં તેમનો કેટલો કાળ વીતી ગયો ?–હે ધીર ! એનો તું વિચાર કર.

૪૫. હે ભવ્યનુત ! દેહ અને આહારાદિ સંબંધી વ્યાપાર છોડયો હોવા છતાં, મધુપિંગલ નામના મુનિ માત્ર નિદાનને કારણે શ્રમણપણું ન પામ્યા.

૪૬. વળી વસિષ્ઠ નામના અન્ય મુનિ પણ નિદાન દોષથી દુઃખને પામ્યા; લોકમાં એવું કોઈ નિવાસસ્થાન નથી કે જ્યાં નિદાનદોષથી જીવ અનેકવાર ભમ્યો ન હોય.

૪૭. શ્રમણ થવા છતાં પણ ભાવરહિત એવો

જીવ ચોરાશીલાખ યોનિવાસમાં સર્વત્ર ભમ્યો;–એવો કોઈ પ્રદેશ નથી કે જ્યાં તે વારંવાર ભમ્યો ન હોય.

૪૮. જીવ ભાવ વડે જ લિંગી ( અર્થાત્ સાધુ ) થાય છે, એકલા દ્રવ્યલિંગથી સાધુ થવાતું નથી. માટે ભાવશુદ્ધિ કર્તવ્ય છે; દ્રવ્યલિંગથી શું કાર્યસિદ્ધિ છે ?

૪૯. બાહુ નામના મુનિ બહારમાં જિનલિંગ ધારક હોવા છતાં અંતરના દોષથી સકલ દંડકનગરને દગ્ધ કરીને તે રૌરવ નરકમાં પડયા.

૫૦. બીજા પણ દ્વીપાયન નામના દ્રવ્યશ્રમણ ઉત્તમ દર્શન–જ્ઞાન–ચારિત્રથી અત્યંત ભ્રષ્ટ થઈને અનંત સંસારી થયા,

૫૧. ધીર અને વિશુદ્ધમતિ એવા શિવકુમાર નામના ભાવશ્રમણ યુવતિઓથી ઘેરાયેલા હોવા છતાં પરિત સંસારી થયા.

૫૨. કેવળીજિને પ્રરૂપેલા અગિયાર અંગરૂપ સમસ્ત શ્રુતજ્ઞાન ભણવાં છતાં ભવ્યસેન નામના મુનિ ભાવશ્રમણપણું ન પામ્યા.

૫૩. શિવભૂતિ નામના મહાનુભાવ 'તુષમાસ ભિન્ન' એમ ગોખતા થકા ભાવવિશુદ્ધિ વડે કેવળજ્ઞાની થયા,–એ વાત પ્રસિદ્ધ છે.

૫૪. ભાવથી નગ્ન તે જ નગ્ન ( સાધુ ) છે; એકલા બહારના નગ્ન લિંગથી શું સાધ્ય છે ? ભાવસહિતના દ્રવ્યલિંગથી જ કર્મ પ્રકૃતિના સમૂહનો નાશ થાય છે.

૫૫. ભાવરહિત નગ્નપણું તે અકાર્ય છે–કાંઈ કાર્યકારી નથી એમ જિનદેવે કહ્યું છે, – એમ જાણીને હે ધીર ! તું નિત્ય આત્માને ભાવ.

૫૬. જે દેહાદિ પરિગ્રહથી રહિત છે, માનાદિ સમસ્ત કષાયો જેણે છોડયા છે અને જેનો આત્મા આત્મામાં રત છે, તે ભાવલિંગી સાધુ છે.

૫૭. હું મમત્વને પરિવર્જું છું અને નિર્મમત્વમાં સ્થિત થાઉં છું; મારો આત્મા જ મારું આલંબન છે, બીજા બધા ભાવોને હું છોડું છું. ( આવા ભાવવાળા ભાવલિંગી સાધુ હોય છે. )

૫૮. ખરેખર મારા જ્ઞાનમાં આત્મા છે; મારા દર્શન અને ચારિત્રમાં પણ આત્મા છે; પ્રત્યાખ્યાનમાં પણ આત્મા છે અને સંવર–યોગમાં પણ મારો આત્મા જ છે.

૫૯. શાશ્વત, જ્ઞાનદર્શનલક્ષણરૂપ એક આત્મા જ મારો છે, બાકીનાં સર્વે ભાવો મારાથી બાહ્ય છે, ને સંયોગલક્ષણવાળા છે.

૬૦. હે જીવ! શીઘ્ર ચારગતિથી છૂટીને શાશ્વત સુખને જો તું ઈચ્છતો હો તો, ભાવશુદ્ધિ વડે સુવિશુદ્ધ–નિર્મળ આત્માને તું ભાવ.

૬૧. હે જીવ સુભાવસંયુક્ત થઈને જીવસ્વભાવને ભાવે છે તે જન્મ–જરા–મરણનો વિનાશ કરે છે ને પ્રગટપણે નિર્વાણને પામે છે.

૬૨. જિનદેવથી પ્રજ્ઞપ્ત જીવ જ્ઞાનસ્વભાવ અને ચેતનાસહિત છે; કર્મનો ક્ષય કરવા માટે આવો જીવ જ્ઞાતવ્ય છે.

૬૩. જેમને જીવસ્વભાવનો સદ્ભાવ છે અને તેનો સર્વથા અભાવ નથી (અર્થાત્ આવા સદ્ભાવરૂપ જીવને જેઓ અનુભવે છે), તેઓ દેહથી ભિન્ન અને વચનથી અગોચર એવા સિદ્ધ થાય છે.

૬૪. હે ભવ્ય! જીવ રસરહિત, રૂપરહિત, ગંધરહિત, શબ્દરહિત, અવ્યક્તરૂપ, લિંગગ્રહણથી રહિત, જેનું સંસ્થાન નિર્દિષ્ટ થઈ શકતું નથી એવો, અને ચેતનાગુણમય છે;–આવા જીવને તું જાણ.

૬૫. હે જીવ! અજ્ઞાનનો શીઘ્ર નાશ કરવા માટે તું પાંચ પ્રકારના જ્ઞાનની ભાવના ભાવ. એવી ભાવનાના ભાવસહિત તું સ્વર્ગ–મોક્ષના સુખનો ભાજન થઈશ.

૬૬. ભાવ વગરના પઠનથી કે શ્રવણથી શું સાધ્ય છે? ભાવ જ સાગાર કે અણગાર–ધર્મના કારણભૂત છે.

૬૭. દ્રવ્યથી તો બધાય નારકીઓ તેમ જ તિર્યંચો નગ્ન જ છે, વળી જન્મતી વખતે બધા જીવો નગ્ન જ છે; પણ પરિણામથી અશુદ્ધ હોવાને કારણે તેઓ ભાવશ્રમણપણું પામતા નથી.

૬૮. જિનભાવનાથી રહિત એવો જીવ દીર્ઘ કાળ સુધી નગ્ન રહે તોપણ તે દુઃખ પામે છે, નગ્ન હોવા છતાં તે સંસાર સાગરમાં ભમે છે, અને નગ્ન હોવા છતાં તે બોધિલાભ પામતો નથી.

૬૯. હે જીવ! પૈશૂન્ય–હાસ્ય–મત્સર–અને માયાથી ભરેલું તથા પાપથી મલિન એવું નગ્ન શ્રમણપણું તે તો અપજશનું ભાજન છે, તેનાથી તને શું લાભ છે?

૭૦. દોષથી રહિત એવા અત્યંત શુદ્ધ અંતરંગભાવરૂપ જિનવરલિંગને તું પ્રગટ કરઃ અંતરમાં ભાવમળથી મલિન જીવ બાહ્ય પરિગ્રહથી પણ મલિન થાય છે.

૭૧. ધર્મમાં જેનો વાસ નથી અને દોષનું જે ધામ છે તે ઈક્ષુનાં ફૂલ જેવો નિષ્ફળ અને નિર્ગુણ જીવ નગ્ન રૂપ વડે નટશ્રમણ જેવો લાગે છે.

૭૨. જે જીવો રાગના સંગથી સહિત છે અને જિનભાવનાથી રહિત છે, તેઓ

દ્રવ્યનિર્ગ્રંથ હોય તો પણ વિમલ જિનશાસનમાં સમાધિ કે બોધિને પામતા નથી.

૭૩. જીવ મિથ્યાત્વાદિ દોષોને છોડીને ભાવથી નગ્ન થાય છે; પછી જિનાજ્ઞા–અનુસાર દ્રવ્યથી મુનિલિંગ પ્રગટ કરે છે.

૭૪. ભાવ જ દિવ્ય–શિવસુખનું ભાજન છે; ભાવથી રહિત શ્રમણ તે તો કર્મમળથી મલિન ચિત્તવાળા છે, અને પાપ તથા તિર્યંચગતિનાં ભાજન છે.

૭૫. વિદ્યાધરો–દેવો અને મનુષ્યોની હસ્તાંજલિ વડે જેની સ્તુતિ કરવામાં આવે છે એવી ચક્રધરની વિપુલ રાજલક્ષ્મીને તેમજ બોધિને પણ જીવ ઉત્તમ ભાવ વડે પામે છે.

૭૬–૭૭. જિનવરદેવે કહેલા ભાવ શુભ, અશુભ અને શુદ્ધ–એમ ત્રણ પ્રકારનાં જાણવા, આર્ત્ત–રૌદ્ર ધ્યાન તે અશુભ છે, ધર્મધ્યાન તે શુભ છે; અને આત્મામાં આત્માના શુદ્ધસ્વભાવરૂપ ભાવ તે શુદ્ધ છે–તે પણ જ્ઞાતવ્ય છે. આ પ્રમાણે જિનવરદેવે ત્રણ ભાવો કહ્યાં છે તેમાંથી જે શ્રેયનું કારણ છે તેને હે જીવ ! તું સમ્યક પ્રકારે આચર.

૭૮. જેને માનકષાય અત્યંત ગળી ગયો છે, મિથ્યાત્વમોહ અત્યંત ગળી ગયો છે અને જે સમચિત્ત છે, તે જીવ જિનશાસનમાં ત્રણ ભુવનના સારરૂપ બોધિને પામે છે.

૭૯. વિષયવિરક્ત શ્રમણ સોળ ઉત્તમ કારણોને ભાવીને તીર્થંકર નામકર્મ બાંધે છે અને અલ્પકાળમાં મુક્ત થાય છે.

૮૦. હે મુનિપ્રવર ! બાર પ્રકારનાં તપશ્ચરણને તથા તેર પ્રકારની ક્રિયાઓને ત્રિવિધે ભાવો, તથા માતેલા હાથી જેવા દુરિતમનને જ્ઞાન–અંકુશ વડે વશમાં રાખો.

૮૧. જેને પંચવિધ વસ્ત્રનો ત્યાગ છે, ભૂમિશયન છે, દ્વિવિધ સંયમ છે, પૂર્વે શુદ્ધઆત્માના ભાવને ભાવ્યો છે–એવા ભિક્ષુને નિર્મળ શુદ્ધ જિનલિંગ હોય છે.

૮૨. જેમ રત્નોમાં શ્રેષ્ઠ વજરત્ન છે, અને વૃક્ષસમૂહમાં શ્રેષ્ઠ ચંદનવૃક્ષ છે, તેમ ધર્મોમાં સૌથી શ્રેષ્ઠ જિનધર્મ છે; તેને હે જીવ ! ભવના મથન માટે તું ભાવ.

૮૩. પૂજાદિકમાં તથા વ્રતાદિકમાં તો પુણ્ય છે; અને આત્માના મોહ–ક્ષોભ વગરનાં પરિણામ તે ધર્મ છે, એમ જિનદેવે શાસનમાં કહ્યું છે.

૮૪. અજ્ઞાનીજીવ પુણ્યને શ્રદ્ધે છે, તેની પ્રતીતિ કરે છે, રુચિ કરે છે, તેમજ ફરીફરી તેનું સ્પર્શન–અનુભવન કરે છે;

તે પુણ્ય તો ભોગનું કારણ છે, તે કર્મક્ષયનું કારણ નથી.

૮૫. રાગાદિ સમસ્ત દોષોને પરિત્યાગીને જે આત્મા આત્મામાં રત છે તે ધર્મ છે, અને તે સંસારતરણનો હેતુ છે–એમ જિનદેવે કહ્યું છે.

૮૬. પરંતુ જે પુરુષ આત્માને તો ઇષ્ટ કરતો નથી ( –તેનાં શ્રદ્ધા–જ્ઞાનાદિ કરતો નથી ), તે નિરવશેષ ( સર્વ પ્રકારનાં ) પુણ્યને કરે તોપણ સિદ્ધિને પામતો નથી, તેને તો સંસારી જ કહ્યો છે.

૮૭. આ કારણે તે આત્માને તમે ત્રિવિધે શ્રદ્ધો, અને પ્રયત્નવડે તેને જાણો,–કે જેથી તમે મોક્ષ પામશો.

( આ ગાથા ૮૬–૮૭ સૂત્રપ્રાભૃતમાં પણ અક્ષરશઃ છેઃ ગા. ૧૫–૧૬ )

૮૮. શાલિસિક્ખ ( ચોખા જેવડો ) મચ્છ પણ અશુદ્ધભાવને લીધે મહા નરકમાં ગયો; –આમ જાણીને હે જીવ ! તું નિરંતર આત્માને ભાવ, જિનભાવના ભાવ.

૮૯. ભાવરહિત જીવોને બાહ્ય પરિગ્રહનો ત્યાગ, પર્વત પર–નદીકિનારે કે ગુફા –કંદરામાં આવાસ, અને સમસ્ત ધ્યાન–અધ્યયન, તે બધુંય નિરર્થક છે.

૯૦. હે જીવ ! તું પ્રયત્ન વડે ઇન્દ્રિયસેનાનું ભંજન કર, અને મનરૂપી માંકડાને વશ કર; માત્ર જનરંજન કરવા અર્થે બાહ્યવ્રત–વેષને ધારણ ન કર.

૯૧. હે જીવ ! ભાવશુદ્ધિ વડે તું મિથ્યાત્વને તથા નવ નોકષાયના સમૂહને છોડ, અને જિન–આજ્ઞાનુસાર ચૈત્ય, પ્રવચન તથા ગુરુની ભક્તિ કર.

૯૨. તીર્થંકરદેવે ભાષિત અર્થને ગણધરદેવોએ સમ્યક્પણે શ્રુતજ્ઞાનરૂપે ગૂંથ્યા, તે અતુલ શ્રુતજ્ઞાનને અત્યંત વિશુદ્ધભાવથી તું અનુદિન ભાવ.

૯૩. આ જ્ઞાનજળને પામીને તેના પાન વડે ભવ્યજીવો તૃષાનો નાશ કરીને દાહશોષથી ઉન્મુક્ત થાય છે, અને શિવાલયવાસી ત્રિભુવનચૂડામણિ સિદ્ધ થાય છે.

૯૪. હે મુનિ ! સૂત્રમાં અપ્રમત્ત પણેઅને સંયમનો ઘાત થવા દીધા વિના કાયા વડે સદાકાળ બાવીસ પરિષહોને સહન કરો.

૯૫. જેમ પત્થર દીર્ઘકાળ સુધી પાણીમાં રહેવા છતાં ભીંજાઈ જતો નથી–ભેદાઈ જતો નથી, તેમ સાધુ પણ ઉપસર્ગ અને પરિષહોની વચ્ચે પણ ભેદાતા નથી.

૯૬. હે જીવ ! તું અનુપ્રેક્ષાઓને ભાવ, તેમજ બીજી પચ્ચીસ ભાવનાઓને ભાવ; ભાવરહિત એવા બાહ્યલિંગથી શું કર્તવ્ય છે ?

૯૭. હે મુનિ! તું સર્વવિરત થઈને પણ નવ પદાર્થોનું, સાત તત્ત્વોનું, તથા ચૌદ જીવસમાસ અને ચૌદ ગુણસ્થાનનાં નામાદિકનું ચિંતન કર.

૯૮. હે જીવ! તું નવવિધ બ્રહ્મચર્યને પ્રગટ કર અને દશવિધ અબ્રહ્મને અત્યંતપણે છોડ; કેમકે મૈથુનસંજ્ઞામાં આસક્ત થઈને તું ભયંકર ભવાર્ણવમાં ભમ્યો.

૯૯. ભાવશુદ્ધિ સહિત મુનિવરો ચતુર્વિધ આરાધનાને પ્રાપ્ત કરે છે; પણ ભાવરહિત મુનિવર ચિરકાળ સુધી દીર્ઘ સંસારમાં ભ્રમણ કરે છે.

૧૦૦. ભાવશ્રમણો કલ્યાણની પરંપરા સહિત સુખને પામે છે; અને દ્રવ્યશ્રમણ કુદેવ–મનુષ્ય–તિર્યંચયોનિમાં દુઃખોને પામે છે.

૧૦૧. હે જીવ! છેંતાલીશ દોષથી દુષિત આહારને ગ્રહણ કરીને અશુદ્ધભાવથી તિર્યંચગતિમાં અનાત્મવશપણે તું કષ્ટને પામ્યો.

૧૦૨. રે દુર્બુદ્ધિ! ઉદ્ધત્તપણા સહિત અને ગૃદ્ધિપૂર્વક સચિત્ત ભોજન–પાણીને વારંવાર ભોગવીને અનાદિકાળમાં તું જે તીવ્ર દુઃખ પામ્યો તેનો વિચાર કર.

૧૦૩. કંદ–મૂળ–બીજ–પુષ્પ–પાન વગેરે સચિત્ત વસ્તુઓને માન–ગર્વસહિત ભક્ષણ કરીને હે જીવ! તું અનંત સંસારમાં રખડયો.

૧૦૪. અવિનયી માણસ મુક્તિ પામતો નથી–એવો ઉપદેશ છે, માટે હે જીવ! તું મન–વચન–કાયાના ત્રિવિધયોગથી પાંચ પ્રકારના વિનયનું પાલન કર.

૧૦૫. હે મહાજશ! ભક્તિ–અનુરાગપૂર્વક સદાકાળ નિજશક્તિથી તું ઉત્તમ જિનભક્તિ કર, તથા દશપ્રકારનાં વૈયાવૃત્ય કર.

૧૦૬. મન–વચન–કાયાથી અશુભભાવવડે કરેલા જે કોઈ દોષ હોય તે, મોટાઈ ને માયા છોડીને ગુરુની સમીપમાં તું પ્રગટ કર,–ગર્હા કર.

૧૦૭. સત્પુરુષ–શ્રમણો દુર્જનનાં નિષ્ઠુર કડવા ચીંટિયા જેવા વચનોને પણ, કર્મમળના નાશ અર્થે નિર્મમભાવથી સહન કરે છે.

૧૦૮. ક્ષમાવડે પરિમંડિત ( શોભિત ) ઉત્તમ મુનિવર સમસ્ત પાપને ક્ષય કરે છે, અને ખેચર–અમર તથા મનુષ્યોવડે અવશ્ય પ્રશંસનીય થાય છે.

૧૦૯. એ પ્રમાણે ક્ષમાગુણને જાણીને સકલ જીવો પ્રત્યે ત્રિવિધે ક્ષમા ધારણ કરો; અને ચિરસંચિત ક્રોધ–અગ્નિને ઉત્તમ ક્ષમાજળ વડે સીંચીને બુઝાવો.

૧૧૦. હે જીવ! અવિકારદર્શન વડે વિશુદ્ધ થઈને, અને સાર–અસારને જાણીને, ઉત્તમ બોધિને માટે તું દીક્ષાપ્રસંગ વગેરેનું ચિંતન કર.

૧૧૧. અભ્યંતરલિંગની શુદ્ધિથી સંપન્ન થઈને તું ચતુર્વિધ લિંગનું સેવન કર; કેમકે ભાવરહિત જીવને બાહ્યલિંગ પ્રગટપણે અકાર્યકારી છે.

૧૧૨. આહાર–ભય–પરિગ્રહ અને મૈથુનસંજ્ઞાવડે તું મોહિત થયો, અને અનાત્મવશપણે અનાદિકાળથી સંસારવનમાં ભમ્યો.

૧૧૩. ભાવવિશુદ્ધ થઈને, પૂજા–લાભની ઈચ્છા વગર, બાહ્યશયન, આતાપન અને ઝાડ નીચે વાસ વગેરે ઉત્તમ ગુણોનું પાલન કર.

૧૧૪. હે જીવ! તું પ્રથમ–તત્ત્વને તેમજ બીજા, ત્રીજા, ચોથા અને પાંચમા તત્ત્વને ભાવ; વળી ત્રિવર્ગને હરનારા અનાદિનિધન આત્માને ત્રિકરણશુદ્ધિ વડે ધ્યાવ.

૧૧૫. જીવ જ્યાંસુધી તત્ત્વની ભાવના કરતો નથી, અને ચિંતનીયને ચિંતવતો નથી, ત્યાં સુધી તે જરા–મરણ રહિત સ્થાનને પામતો નથી.

૧૧૬. બધાં પાપ જીવના પરિણામ વડે થાય છે; સમસ્ત પુણ્ય પણ પરિણામ વડે જ થાય છે; જિનશાસનમાં બંધ અને મોક્ષ પરિણામ વડે જ કહેવામાં આવ્યાં છે.

૧૧૭–૧૧૮. જિનવચનથી પરાઙ્મુખ જીવ મિથ્યાત્વથી તેમજ કષાય–અસંયમ–યોગ તથા અશુભલેશ્યાથી અશુભકર્મને બાંધે છે; અને તેનાથી વિપરીત ભાવશુદ્ધિસમ્પન્ન જીવ શુભકર્મને બાંધે છે.–આ રીતે બે પ્રકારનાં કર્મોને જીવ બાંધે છે તેનું સંક્ષેપથી કથન કર્યું.

૧૧૯. જ્ઞાનાવરણાદિ આઠ કર્મો વડે હું અવરાયેલો છું, હવે તેને દગ્ધ કરીને હું અનંત જ્ઞાનાદિ ગુણચેતના પ્રગટ કરું છું.

૧૨૦. હે જીવ! બીજા અસત્પ્રલાપનું શું કામ છે?–તું અઢાર હજાર શીલ, તથા ચોરાશી લાખ ગુણગણ,–તે સર્વેને પ્રતિદિન ભાવ.

૧૨૧. આર્ત્ત અને રૌદ્રધ્યાનને છોડીને, તું ધર્મ અને શુકલધ્યાનને ધ્યાવ,–આ જીવે રૌદ્ર અને આર્ત્તધ્યાન તો ચિરકાળ સુધી ધ્યાવ્યા.

૧૨૨. જે કોઈ ઈન્દ્રિયસુખમાં આકુળ એવા દ્રવ્યશ્રમણો છે તેઓ ભવવૃક્ષને છેદતા નથી; ભાવશ્રમણો ધ્યાનરૂપી કુહાડાવડે ભવવૃક્ષને છેદે છે.

૧૨૩. જેમ ગર્ભગૃહમાં રહેલો દીપક

પવનની બાધા વગર જલે છે, તેમ મુનિનાં અંતરમાં રાગરૂપી પવન વગરનો ઉત્તમ ધ્યાનદીપક પ્રકાશે છે.

૧૨૪. હે જીવ ! તું પંચપરમેષ્ઠિ–ગુરુને ધ્યાવ,–કે જેઓ ચાર મંગલ–શરણ તથા લોકોત્તમરૂપ છે, નર–સુર અને નભચર વડે પૂજિત છે, આરાધનાના નાયક છે અને વીર છે.

૧૨૫. વિમલ અને શીતળીભૂત એવા જ્ઞાનમય જળને પામીને ભવ્ય જીવ શુદ્ધ ભાવવડે વ્યાધિ–જરા–મરણ અને વેદનારૂપ દાહથી મુક્ત થઈને શિવરૂપ થાય છે.

૧૨૬. જેમ બીજ બળી જતાં પૃથ્વી પર અંકુરા ફૂટતા નથી તેમ ભાવશ્રમણોને કર્મબીજ બળી જતાં ભવરૂપી અંકુરા ફૂટતા નથી.

૧૨૭. ભાવશ્રમણ તો સુખને પામે છે અને દ્રવ્યશ્રમણ દુઃખને પામે છે;–આમ બંનેનાં ગુણ–દોષને જાણીને હે જીવ ! તું શુદ્ધભાવથી સંપન્ન થા.

૧૨૮. ભાવશ્રમણો તીર્થંકર–ગણધરાદિના અભ્યુદયની પરંપરાસહિત સુખને પામે છે –એમ સંક્ષેપથી જિનદેવે કહ્યું છે.

૧૨૯. જેઓ ઉત્તમ દર્શન–જ્ઞાન–ચારિત્રવડે શુદ્ધ–ભાવસહિત છે અને માયા જેમને અત્યંત નષ્ટ થઈ ગઈ છે તે શ્રમણો ધન્ય છે, તેમને સદા ત્રિવિધે નમસ્કાર હો.

૧૩૦–૧૩૧. જેણે જિનભાવના ભાવી છે તે ધીરપુરુષો, કિંનર–કિંપુરુષ આદિ દેવોએ કે વિદ્યાધરોએ વિક્રિયા કરેલી અતૂલ ઋદ્ધિ વડે પણ મોહિત થતા નથી.

–તોપછી, ઉજ્વલચિત્તવાળા જે મુનિધવલ પરમસુખરુપ મોક્ષને જાણે છે –દેખે છે અને ચિંતવે છે તેઓ, દેવ–મનુષ્યના અલ્પસારવાળા ( અસારતૂચ્છ ) સુખોમાં મોહિત કેમ થાય ?

૧૩૨. જ્યાં સુધી વૃદ્ધાવસ્થા આક્રમણ ન કરે, તથા રોગરૂપી અગ્નિ જ્યાં સુધીમાં આ દેહકૂટિરને દગ્ધ ન કરે અને ઇન્દ્રિયબળ ક્ષીણ ન થઈ જાય ત્યાં સુધીમાં હે જીવ ! તું આત્મહિત કરી લે.

૧૩૩. હે મુનિવર ! મન–વચન–કાયના યોગથી નિત્ય છ–જીવકાયની દયા કરો તથા ( પાપનાં ) છ સ્થાનોને પરિહરો, અને અપૂર્વ મહાસત્ત્વને ભાવો.

૧૩૪. હે જીવ ! અનંત ભવસાગરમાં ભમતાં ભોગ–સુખને માટે તેં સકલ જીવોના દશવિધ પ્રાણનું ત્રિવિધે ભક્ષણ કર્યું.

૧૩૫. હે મહાજશ ! એવા પ્રાણીવધથી તું ચોરાશીલાખ યોનિમધ્યે ઉપજતો–મરતો નિરંતર દુઃખને પામ્યો.

૧૩૬. હે મુનિ ! કલ્યાણસુખની પરંપરા માટે ત્રિવિધ શુદ્ધિથી પ્રાણી–ભૂત–સત્ત્વ સર્વે જીવોને અભયદાન દ્યો.

૧૩૭. એકસો એંસી ક્રિયાવાદી, ચોરાશી અક્રિયાવાદી, સડસઠ અજ્ઞાનવાદી અને બત્રીસ વિનયવાદી–એ પ્રમાણે કુલ ૩૬૩ એકાંતવાદી મિથ્યામતો છે, તેનું સેવન છોડ.

૧૩૮. જેમ ગળ્યું દૂધ પીવા છતાં સર્પો નિર્વિષ થતા નથી, તેમ જિનધર્મને સારી રીતે સાંભળવાં છતાં પણ અભવ્ય જીવ તેની પ્રકૃતિને છોડતો નથી.

૧૩૯. મિથ્યાત્વથી જેની દ્રષ્ટિ બીડાઈ ગઈ છે ને દુર્મતના સેવનરૂપ દોષથી જે દુબુદ્ધિ છે, એવો અભવ્યજીવ જિનપ્રજ્ઞપ્ત ધર્મની રુચિ કરતો નથી.

૧૪૦. જે કુત્સિત એટલે કે નિંદ્ય એવા મિથ્યાધર્મમાં રત છે, કુત્સિત પાખંડીજીવોની ભક્તિમાં જોડાયેલો છે અને કુત્સિતતપ કરે છે, તે જીવ કુત્સિત એવી હલકી ગતિને પામે છે.

૧૪૧. આ પ્રમાણે મિથ્યાત્વથી ભરેલા કુનય અને કુશાસ્ત્રોમાં મોહિત જીવ અનાદિકાળથી સંસારમાં ભમ્યો,–તેનો હે ધીર! તું વિચાર કર.

૧૪૨. હે જીવ! ૩૬૩ પ્રકારનાં પાખંડીમતરૂપ ઉન્માર્ગને છોડીને તારા મનને જિનમાર્ગમાં એકાગ્ર કર; બીજા અસત્ પ્રલાપનું શું કામ છે?

૧૪૩. જીવરહિત શરીર તે શબ છે, અને જે દર્શનરહિત છે તે ચલ–શબ (ચાલતું કલેવર) છે, લોકમાં તો શબ અપૂજ્ય છે, અને લોકોત્તર માર્ગમાં ચલ–શબ અપૂજ્ય છે.

૧૪૪. જેમ સમસ્ત તારાઓમાં ચંદ્ર મુખ્ય છે, અને સમસ્ત વનચરોમાં મૃગરાજ (–સિંહ) મુખ્ય છે, તેમ ઋષિ અને શ્રાવક–એ બંને પ્રકારનાં ધર્મોમાં સમ્યક્ત્વ મુખ્ય છે.

૧૪૫. જેમ ફણિરાજ ફેણમાં રહેલા મણિમાણેકના કિરણોથી પ્રકાશતો થકો શોભે છે, તેમ વિમલ દર્શનધારક જીવ જિનભક્તિ–પ્રવચન સહિત શોભે છે.

૧૪૬. તપ અને વ્રતથી નિર્મળ એવું દર્શનવિશુદ્ધિસહિતનું જિનલિંગ, નિર્મળ ગગનમંડળમાં તારાગણ સહિત ચંદ્રબિંબની જેમ શોભે છે.

૧૪૭. એમ ગુણ–દોષને જાણીને, હે જીવ! દર્શનરત્નને તું ભાવથી ધારણ કર; ગુણરત્નોમાં તે સાર છે અને મોક્ષનું પ્રથમ સોપાન છે.

૧૪૮. જીવ કર્તા, ભોક્તા, અમૂર્ત, શરીરપ્રમાણ, અનાદિનિધન અને દર્શનજ્ઞાન ઉપયોગરૂપ છે–એમ જિનવરેન્દ્રો વડે નિર્દિષ્ટ છે.

૧૪૯–૧૫૦. સમ્યક્ જિનભાવનાયુક્ત ભવ્યજીવ દર્શનાવરણ–જ્ઞાનાવરણ–મોહનીય ને અંતરાયકર્મને ખપાવે છે.

ઘાતી–ચતુષ્કનો નાશ થતાં જીવને બળ–સુખ–જ્ઞાન અને દર્શન એ ચારે ગુણો ( –અનંતચતુષ્ટય ) પ્રગટ થાય છે, અને તે લોકાલોકને પ્રકાશે છે.

૧૫૧. કર્મથી વિમુક્ત આત્મા તે જ પ્રગટપણે પરમાત્મા છે, વળી જ્ઞાની, શિવ, પરમેષ્ઠી, સર્વજ્ઞ, વિષ્ણુ, ચતુર્મુખ અને બુદ્ધ પણ તે જ છે.

૧૫૨. આ પ્રમાણે જેઓ ઘાતીકર્મથી મુક્ત છે. અઢાર દોષથી રહિત છે, સકલપરમાત્મા છે, અને ત્રણભુવનરૂપી ઘરને પ્રકાશનારા દીપક છે,–તે અરિહંતભગવંતો મને ઉત્તમ બોધિ આપો.

૧૫૩. જે જીવ પરમ ભક્તિઅનુરાગ સહિત જિનવરદેવના ચરણકમળમાં નમે છે તે ઉત્તમ ભાવરૂપી શસ્ત્રવડે જન્મ–વેલિના મૂળિયાં ઊખેડી નાંખે છે.

૧૫૪. જેમ કમલિની–પત્ર પોતાના નિર્લેપ સ્વભાવરૂપ પ્રકૃતિને લીધે પાણીથી ભીંજાતું નથી, તેમ શુદ્ધ ભાવને લીધે સત્પુરુષો વિષય–કષાયોથી લેપાતા નથી.

૧૫૫. તે શુદ્ધભાવવાળા સત્પુરુષો–કે જેઓ સંપૂર્ણ કળા તથા શીલ અને સંયમ ગુણોથી યુક્ત છે,–તેમને જ અમે શ્રમણ કહીએ છીએ; પણ જે ઘણાં દોષોથી ભરેલો છે અને જેનું ચિત્ત મલિન છે–તે તો શ્રાવકસમાન પણ નથી.

૧૫૬. બળથી ઉદ્ધત, દુર્જય અને પ્રબળ એવા કષાય–ભટને, જેમણે વિસ્ફુરિત ક્ષમા અને દમનરૂપી ખડ્ગ વડે જીતી લીધા છે તે પુરુષો ધીર અને વીર છે.

૧૫૭. દર્શન અને જ્ઞાનપ્રધાન ઉત્તમ હસ્તો વડે જેમણે, વિષયરૂપી મગરધર–સમુદ્રમાં પડેલા ભવ્યજીવોને પાર ઉતાર્યા તે ભગવંતો ધન્ય છે.

૧૫૮. મોહરૂપી મહાતરુ પર છવાયેલી અને વિષયોરૂપી ઝેરી ફૂલવડે પુષ્પિત એવી માયા–વેલીને, મુનિવરો જ્ઞાનશાસ્ત્રદ્વારા નિર્મૂળપણે ઊખેડી નાંખે છે.

૧૫૯. મોહ–મદ–ગારવથી મુક્ત અને કરુણાભાવથી સંયુક્ત એવા મુનિવરો, ચારિત્રરૂપી ખડ્ગવડે સર્વે દુરિતના સ્તંભને હણે છે.

૧૬૦. જેમ પવનપથમાં તારાઓની હારમાળાથી ઘેરાયેલો પૂર્ણિમાનો ચંદ્ર શોભે છે તેમ જિનમતરૂપી ગગનમાં ગુણસમૂહરૂપી મણિમાલા સહિત મુનીંદ્ર–ચંદ્ર શોભે છે.

૧૬૧. ચક્રધર, રામ–કેશવ ( બળદેવ–વાસુદેવ ), સુરેન્દ્ર, જિનેન્દ્ર–તીર્થંકર, ગણધર વગેરે પદ, તેમ જ મુનિવરોની ચારણાદિ ઋદ્ધિઓ,–તે સુખોને વિશુદ્ધભાવવાળા મનુષ્યો પામ્યા.

૧૬૨. જેમણે જિનભાવના ભાવી છે તે જીવો

શિવરૂપ, અજર–અમર ચિહ્નવાળા, અનુપમ, ઉત્તમ, પરમ, વિમલ અને અતુલ એવા શ્રેષ્ઠ સિદ્ધિસુખને પામ્યા.

૧૬૩. ત્રણભુવનથી પૂજ્ય શુદ્ધ, નિરંજન અને નિત્ય એવા તે સિદ્ધ ભગવંતો મને દર્શનમાં જ્ઞાનમાં અને ચારિત્રમાં ઉત્તમ ભાવશુદ્ધિનું વરદાન દ્યો.


૧૬૪. અધિક શું કહેવું ?–ધર્મ–અર્થ–કામ–મોક્ષ તેમજ અન્ય પણ જે કોઈ વ્યાપાર છે તે સર્વે જીવના ભાવમાં પરિસ્થિત છે.

૧૬૫. એ પ્રમાણે સર્વબુદ્ધ એવા સર્વજ્ઞદેવે ઉપદેશેલા આ ભાવપ્રાભૃતને જે સમ્યક્પણે પઢશે–સુણશે ભાવશે તે અવિચલ સ્થાનને પામશે.

[ પાંચમું ભાવપ્રાભૃત પૂર્ણ ]

**સર્વજ્ઞદેશિત ભાવપ્રાભૃત આ અહો! સુભાવથી-**
**જે પઢે-સુણશે-ભાવશે તે સ્થાન અવિચલ પામશે.**

---



## વાહ, વીતરાગમાર્ગ !

ચૈતન્યના પરમ સુખનો આ વીતરાગમાર્ગ, જગતના બધા જીવસમૂહને હાથમાં આવી જાય એવો નથી, એ તો કોઈ વિરલ જીવને જ હાથ આવે તેવો છે. પરસન્મુખ એકાગ્રતાથી ખસીને જે સ્વસન્મુખ એકતા કરે છે તેને આ માર્ગ હાથ આવે છે, ને પરમ સુખના અનુભવથી તે ન્યાલ થઈ જાય છે.

રે જીવ! આવા માર્ગની પ્રાપ્તિનો અવસર તને મળ્યો છે. પરમ ઉત્સાહથી તું તેને પ્રાપ્ત કર. તેને પ્રાપ્ત કરતાં જ (અનુભવમાં લેતાં જ) આત્મામાં પરમ ચૈતન્ય–આનંદના હીલોળા ઉલ્લસે છે.

**-વાહ વીતરાગમાર્ગ !**



# જૈનમત એટલે વસ્તુસ્વરૂપ

**વીતરાગી સંતોએ પ્રકાશેલું વસ્તુસ્વરૂપ**
**આ પ્રવચનમાં ગુરુદેવે સ્પષ્ટ કર્યું છે.**

*****

ગુરુદેવે એક બાળકને પૂછયું–આત્મા કેવો છે? તે બાળક કહેઃ આત્મા નિત્ય છે.

ગુરુદેવે તેને સમજાવતાં કહ્યું કે એકલો નિત્ય નહિ, પણ નિત્ય–અનિત્ય બંને સ્વરૂપ આત્મા છે.

બૌદ્ધમતની જેમ આત્મા સર્વથા અનિત્ય નથી, કે વેદાંતમતની જેમ આત્મા સર્વથા નિત્ય નથી, આત્મા નિત્ય–અનિત્યસ્વરૂપ વસ્તુ છે.

પર્યાયને છોડીને નહિ પણ પર્યાયને ગૌણ કરીને આત્માની ઓળખાણ થાય છે. એકાંત નિત્ય કે એકાંત અનિત્ય આત્મા માનવો તે તો બંને ભ્રમ છે. નિત્યપણું એક ધર્મ છે. અનિત્યપણું પણ એક ધર્મ છે. અનિત્ય એવી પર્યાય વડે આખા આત્માનો નિર્ણય થાય છે. પર્યાય વગર નિર્ણય કરે કોણ? અને નિત્ય ટકતી વસ્તુ વગર પર્યાયનું પરિણમન થાય કોના આધારે? આમ દ્રવ્ય–પર્યાયસ્વરૂપ આત્મા તે નિત્ય–અનિત્યસ્વરૂપ છે, તેમાંથી એકને પણ કાંઢી નાંખે તો સાચા આત્માનો નિર્ણય થઈ શકશે નહીં.

સ્વસન્મુખ થઈને ચૈતન્યઘન વસ્તુનો નિર્ણય કરવો તે અપૂર્વ છે, નિત્ય–અનિત્ય વસ્તુને બરાબર જ્ઞાનમાં લઈને તેને સ્વ–વિષય બનાવે ત્યારે અપૂર્વ જ્ઞાન–આનંદ પ્રગટે છે; એકલા શાસ્ત્ર સાંભળીને ધારી લ્યે કે આત્મા નિત્ય–અનિત્ય અનેકાંતસ્વરૂપ છે,–પણ એટલી ધારણાથી કાંઈ જ્ઞાનપરિણતિ પ્રગટે નહીં; એવી પરસન્મુખ ધારણા તો જીવે અનંતવાર કરી. પણ સ્વસન્મુખ થઈને નિર્ણય કરે કે આ અપેક્ષાએ હું નિત્ય છું ને આ અપેક્ષાએ હું અનિત્ય

છું,–એમ નક્કી કરીને પર્યાયને અંતર્મુખ એકાગ્ર કરીને દ્રવ્યનો આશ્રય કરે ત્યારે અભેદ–અનુભવ સહિત સાચી પ્રતીત ને પરમ આનંદ થાય છે.

જે અવસ્થા પોતે અંતર્મુખ થઈને શ્રદ્ધાનું–અનુભવનું કામ કરે છે, અને જેના આધારે તે કામ કરે છે તે બંનેનું સ્વરૂપ જાણ્યા વગર નિત્ય–અનિત્યરૂપ વસ્તુનો નિર્ણય થાય નહીં. દ્રવ્યપણે નિત્ય, પર્યાયપણે અનિત્ય એવી વસ્તુ છે.–આવો જૈનમત છે.

પર્યાય તો અનિત્ય છે, તેનો નાશ થતાં કાંઈ આખી વસ્તુનો અભાવ થઈ જતો નથી. દ્રવ્યપણે વસ્તુ ટકી રહે છે. પર્યાય–અપેક્ષાએ નાશ થયો, પણ દ્રવ્ય–અપેક્ષાએ તો વસ્તુ અવિનાશી છે. વસ્તુ જ દ્રવ્યસ્વરૂપે નિત્ય ટકતી, પર્યાયસ્વરૂપે ઉત્પાદ–વ્યયને કરે છે.–આમ દ્રવ્યધર્મ ને પર્યાયધર્મ–બંને ધર્મવાળી વસ્તુ છે. એક્કેને કાઢી નાંખો તો વસ્તુનું સ્વરૂપ જ સિદ્ધ નહીં થાય. માટે એમ સમજવું કે–આત્માને એકાંતે નિત્ય કે એકાંતે અનિત્ય માનવો તે બંને ભ્રમ છે,–વસ્તુસ્વરૂપ નથી; અમે (જૈનો) કથંચિત્ નિત્ય–અનિત્યાત્મક વસ્તુસ્વરૂપ કહીએ છીએ તે જ સત્યાર્થ છે. (સ. કળશ ૨૦૬ ના પ્રવચનમાંથી)

હે જીવ! જગતમાં જે અનંત પરવસ્તુઓ છે તે તારે માટે તો અવસ્તુ છે, એટલે તારે તારાથી ભિન્ન બીજી કોઈ જીવ કે અજીવ વસ્તુઓ સાથે કામ નથી, તારે તારા દ્રવ્ય અને પર્યાય સાથે જ કામ છે. દ્રવ્યધર્મ છે તે પર્યાયને કરતો નથી, પર્યાયનું કરવાપણું વસ્તુના પર્યાયધર્મથી છે. વસ્તુમાં પર્યાય છે તે પર્યાય છે, ને દ્રવ્ય છે તે દ્રવ્ય છે; તેમાં દ્રવ્ય તે પર્યાયરૂપ નથી, પર્યાય તે દ્રવ્યરૂપ થતી નથી. આવી દ્રવ્ય–પર્યાયરૂપ બે સ્વભાવવાળી વસ્તુ છે.–આનું નામ અનેકાન્ત છે. વસ્તુને દ્રવ્યઅપેક્ષાએ નિત્ય–નિષ્ક્રિય–ધ્રુવ વગેરે કહેવાય છે, ને પર્યાયઅપેક્ષાએ તેને અનિત્ય–સક્રિય–ઉત્પાદવ્યયવાળી કહેવાય છે.–એમ બંનેની અપેક્ષા ધ્યાનમાં રાખીને દ્રવ્ય–પર્યાયનું સાચું જ્ઞાન થાય છે. દ્રવ્ય અપેક્ષાએ નિત્યપણું દેખનારને પર્યાય પણ ખ્યાલમાં છે; તેમજ પર્યાયથી અનિત્યપણું જાણનારને દ્રવ્યનો પણ ખ્યાલ છે. પ્રવચનસારના ૨૦ મા બોલમાં આત્માને 'શુદ્ધપર્યાય' કહ્યો,–પણ તે શુદ્ધપર્યાય અંદર ધ્રુવના અવલંબને થઈ છે, એટલે 'શુદ્ધપર્યાય' કહેતાં પણ દ્રવ્ય તો લક્ષમાં છે જ.–આમાં પરની કે વિકારની તો વાત જ નથી, આ તો પોતામાં ને પોતામાં દ્રવ્ય ને પર્યાયરૂપ

શુદ્ધવસ્તુનો નિર્ણય કરવાની વાત છે, ને જ્યાં આવો નિર્ણય કર્યો ત્યાં રાગના કર્તૃત્વ વગરની શુદ્ધ પર્યાય વર્તે છે. શુદ્ધ પર્યાય વર્તે જ છે–એટલે હું આ શુદ્ધ પર્યાયને કરું એવા ભેદનું કે વિકલ્પનું ત્યાં કોઈ પ્રયોજન રહેતું નથી. અભેદપણે તે સ્વાનુભૂતિરૂપ શુદ્ધ પર્યાયને જ આત્મા કહ્યો છે; અને આવા આત્માને લક્ષમાં લેવા જાય ત્યાં પણ અભેદસ્વભાવનો જ અનુભવ થાય છે. અહો, જૈનશાસનમાં અલૌકિક વસ્તુસ્વરૂપ સર્વજ્ઞ ભગવાને પ્રગટ કર્યું છે. આવા વસ્તુસ્વરૂપનો નિર્ણય કરતાં વીતરાગતા ને મોક્ષમાર્ગ થાય છે.

પર્યાયઅપેક્ષાએ આત્માની અનિત્યતા સાંભળીને રાજકોટમાં એક વેદાંતી ભાઈ ભડકીને ચાલતા જ થઈ ગયા કે અરે, આત્મા અનિત્ય! અનિત્યતાની વાત સાંભળવી નથી. –પણ ભાઈ! રાગ–દ્વેષ–ક્રોધાદિ ભાવો મનના વિચારો ને તે પ્રકારની જ્ઞાનપર્યાયો,–તે પલટતું સ્પષ્ટ અનુભવમાં આવે છે. ઘડીકમાં જીવને ક્રોધ હોય ને બીજી ક્ષણે શાંતપરિણામ થાય,–એમ પર્યાય–અપેક્ષાએ તેને અનિત્યતા છે. જો પર્યાય–અપેક્ષાએ અનિત્યતા ન હોય તો જેને ક્રોધ થયો તેને ક્રોધપરિણામ જ સદા રહે, ક્રોધ પલટીને શાંતિના પરિણામ કદી થાય જ નહીં. આત્માને જે એકાંત નિત્ય કૂટસ્થ માને છે–એનોય આત્મા પણ ક્ષણેક્ષણે પલટી તો રહ્યો જ છે, પણ એકાંતદ્રષ્ટિને લીધે વસ્તુસ્વરૂપને તે દેખી શકતો નથી. એ જ રીતે આત્માને સર્વથા ક્ષણભંગુર માનનાર જે બૌદ્ધમતી, તેનો આત્મા પોતે પણ દ્રવ્ય–અપેક્ષાએ નિત્ય ટકી જ રહ્યો છે, પણ એકાંત પર્યાયદ્રષ્ટિને લીધે તે વસ્તુસ્વરૂપને દેખી શકતો નથી. ધર્મી જીવ (જૈનમત અનુસાર) દ્રવ્ય–પર્યાયરૂપ સમ્યક્ વસ્તુસ્વરૂપનો નિર્ણય કરીને, દ્રવ્ય અને પર્યાય બંનેના પક્ષના વિકલ્પથી પાર થઈને, અંતર્મુખ પરિણતિ વડે શુદ્ધ આત્માની અનુભૂતિ કરે છે,–એ જ મોક્ષમાર્ગ છે, એ જ જૈનશાસન છે.

આત્માનું સમ્યગ્જ્ઞાન કરવા માટેનો આ વ્યાયામ ચાલે છે, વારંવાર તેનો અભ્યાસ કરવો જોઈએ, ને વસ્તુસ્વરૂપનો નિર્ણય કરીને તેનો અનુભવ કરવો જોઈએ.

* * *

આચાર્યદેવ વીતરાગી વસ્તુસ્વભાવ સમજાવતાં કહે છે કે ‘બે સ્વભાવવાળો જીવસ્વભાવ છે.’–પરિણામ દ્વારા તેને ક્ષણિકપણું છે ને અન્વયગુણ

દ્વારા તેને નિત્યપણું છે–આમ બે સ્વભાવવાળો જીવસ્વભાવ છે.–આવી વસ્તુનું અંતરમાં પોતાને ભાન થવું જોઈએ.

વસ્તુ દ્રવ્ય–પર્યાયવાળી છે. તેનું જ્ઞાન તે પ્રમાણજ્ઞાન છે.

હવે વસ્તુમાં દ્રવ્યરૂપ જે નિત્યત્વધર્મ છે તે અનિત્ય એવી પર્યાયને કરે છે કે નથી કરતો ? એવો પ્રશ્ન છે.

તેનો ઉત્તર એ છે કે વસ્તુમાં નિત્યપણું ને અનિત્યપણું ( દ્રવ્ય ને પર્યાય ) બંને સ્વભાવ એકસાથે પોતપોતાની અપેક્ષાએ છે, તેમાં એકનો કર્તા બીજો નથી, એટલે જે દ્રવ્યસ્વભાવ છે તે કાંઈ પર્યાયસ્વભાવને કરતો નથી. વસ્તુ પોતાના પર્યાયસ્વભાવથી જ પોતે પર્યાયરૂપે પરિણમે છે એટલે તેને તે કરે છે, અને તે જ વખતે દ્રવ્યસ્વભાવથી તે ધ્રુવ રહે છે; –ધ્રુવ છે તે પર્યાયને કરતું નથી.–આમ વસ્તુ પોતે બે સ્વભાવવાળી છે. તેના જ્ઞાનથી પ્રમાણજ્ઞાન થાય છે. દ્રવ્ય સાથે પર્યાયને ભેળવીને વસ્તુનું પ્રમાણજ્ઞાન થયું છે. તે પ્રમાણજ્ઞાને જાણેલી યથાર્થ વસ્તુમાં બે ભેદ પાડો તો એક ધ્રુવ પડખું ને બીજું પલટતું પડખું. તેમાં ધ્રુવ–અંશઅપેક્ષાએ જોતાં વસ્તુ અક્રિય છે, નિત્ય છે; બીજા અંશ અપેક્ષાએ જોતાં વસ્તુ ઉત્પાદ–વ્યયરૂપ અનિત્ય છે, તે પોતાની પર્યાયને કરે છે. આમ બંનેને અભેદ કરીને પ્રમાણજ્ઞાન કર્યું. છતાં તેથી બે નયના ( દ્રવ્ય–પર્યાયના ) જ્ઞાનને કાંઈ વિઘ્ન આવતું નથી. વસ્તુનો સ્વભાવ જ એવો અદ્‌ભુત છે કે તેના ચિંતનમાં એકાગ્ર થતાં અલૌકિક શાંત પરિણામ વડે ધર્મધ્યાન ને શુકલધ્યાન થાય છે. વસ્તુસ્વરૂપના ચિંતનવડે વીતરાગતા થાય છે.

**વીતરાગી વસ્તુસ્વરૂપ પ્રકાશક સંતોનો જય હો.**

**( સ. ગા. ૩૪૫ થી ૩૪૮ ના પ્રવચનમાંથી તથા ચર્ચામાંથી )**

*****

***

**

સંસારથી દૂર સિદ્ધોની પાસ,

ચાલ ભાઈ ચાલ, કર આત્મામાં વાસ.

# સ્વભાવના મહિમાની મધુરી પ્રસાદી

**સમયસાર ગા. ૩૨૦ (જયસેનસ્વામીની ટીકા) ઉપર તાજેતરમાં ચોથીવાર પ્રવચન ચાલે છે; સ્વભાવના કોઈ અપૂર્વ ઉલ્લાસપૂર્વક તેના મહિમાને ગુરુદેવ ઘૂંટીઘૂંટીને સમજાવી રહ્યા છે. મુમુક્ષુઓ માટે તેની મધુર પ્રસાદી અહીં આપી છે.**

* સ્વયંભૂરમણ સમુદ્ર જેમ પોતે પોતામાં ડોલે છે તેમ આનંદનો નાથ એવો અમૃતનો સાગર આત્મા પોતે પોતામાં ડોલે છે. વાહ! અંદરથી આનંદના દરિયા ઊછળ્યા છે. પ્રભુ! તું કેવો મોટો ચૈતન્યસમુદ્ર છો!–ને તું ક્યાં રોકાઈ ગયો? મોટા ધ્રુવતત્ત્વને ભૂલીને એક ક્ષણિક અંશમાં તું આખું માનીને અટકી ગયો. આ સંતો તને તારી આખી વસ્તુ સમજાવે છે.

* અજ્ઞાનીની શ્રદ્ધા તે તો અવસ્તુની શ્રદ્ધા છે એટલે કે મિથ્યાશ્રદ્ધા છે.

* ક્ષાયિકજ્ઞાનમાં જેમ રાગાદિનું કર્તા–ભોક્તાપણું નથી, તેમ સાધકધર્મીની દ્રષ્ટિમાં પણ રાગાદિનું કર્તા–ભોક્તાપણું નથી. ત્રિકાળ શુદ્ધ–વસ્તુ પૂર્ણ છે તે જ શુદ્ધ દ્રષ્ટિનો વિષય છે. મિથ્યાદ્રષ્ટિની દ્રષ્ટિનો કોઈ વિષય જ ખરેખર નથી,–તે તો ક્ષણિક રાગાદિ પર્યાય જેટલો જ, કે કર્મના સંબંધ જેટલો જ આત્મા માને છે, પણ એવી આત્મવસ્તુ તો છે નહીં, તેથી 'અવસ્તુ' ની તે શ્રદ્ધા કરે છે એટલે તે શ્રદ્ધા મિથ્યા છે. (અજ્ઞાનીના મિથ્યાજ્ઞાનઅનુસાર જગતમાં કોઈ વસ્તુ નથી, માટે તેનું જ્ઞાન મિથ્યા છે એ વાત બંધઅધિકારમાં કરી છે.)

* સમ્યગ્દ્રષ્ટિની શ્રદ્ધાનો વિષય 'સત્' છે, શુદ્ધ વસ્તુ જેવી છે તેવી તે શ્રદ્ધામાં લ્યે છે.

* શુદ્ધજ્ઞાન રાગને કરે? શુદ્ધજ્ઞાન કર્મને કરે?–ના; તે રાગને કે કર્મને કરતું નથી, ભોગવતું નથી, જાણે જ છે, જાણવારૂપ જ પરિણમે છે.

* દ્રવ્યસ્વભાવ અનંત સામર્થ્યથી ભરપૂર છે. તેમાં જેની દ્રષ્ટિ છે, એવી શુદ્ધદ્રષ્ટિરૂપે–શુદ્ધજ્ઞાનરૂપે પરિણમેલો જીવ, તેની આ વાત છે.

સમ્યગ્દર્શન–પર્યાય દ્રવ્ય સાથે અભેદ થઈ ગઈ. પહેલાં પરસન્મુખ એકતા હતી, તે સ્વસન્મુખ એકતારૂપ થઈ; પર્યાય રાગાદિ સાથે અભેદ હતી તેને

બદલે અંતરમાં ઝુકીને સ્વભાવ સાથે અભેદ થઈ; આ ધર્માત્માની અંતરની મસ્તીની વાત છે. આત્મા ધ્રુવસ્વભાવમાં અભેદ થઈને પરિણમ્યો ત્યાં સમ્યગ્દર્શન–જ્ઞાન–આનંદરૂપ પરિણતિ પ્રગટ થઈ.

* પરિણમન તે પર્યાય છે, ધ્રુવને પરિણમન નથી. ધર્મીની પર્યાયમાં એવો પલટો થયો કે ધ્રુવસ્વભાવમાં અભેદદ્રષ્ટિથી તેને રાગાદિનું કર્તા–ભોક્તાપણું છૂટી ગયું છે. એકલી પર્યાયને જ તે નથી દેખતો. પહેલાં રાગાદિ સાથે અભેદપણે પરિણમતો તે મિથ્યાત્વ હતું, તે છૂટી ગયું, ને સ્વભાવમાં અભેદ પરિણતિથી સમ્યક્ત્વાદિરૂપ તે પરિણમ્યો.

* ‘શુદ્ધજ્ઞાન’ ત્રિકાળ સ્વભાવને પણ કહેવાય, તેમજ તેના આશ્રયે પરિણમેલા ઉપશમાદિ ભાવને પણ શુદ્ધજ્ઞાનપરિણતિ કે શુદ્ધોપયોગ વગેરે કહેવાય છે. શુદ્ધોપયોગપૂર્વક ઉપશમાદિ ભાવ પ્રગટે છે. ઉપશમભાવરૂપ ધર્મની શરૂઆત શુદ્ધોપયોગ વડે જ થાય છે.

* આત્મા પરમ આનંદની મૂર્તિ અનંત સુખનો સાગર છે; તેમાં દ્રષ્ટિ કરતાં જે અંદર હતું તે પર્યાયમાં પરિણમ્યું. તે શુદ્ધપર્યાયરૂપ પરિણમેલો જીવ રાગાદિનો કર્તા–ભોક્તા નથી. શુદ્ધપરિણતિ દોષને કેમ ઉત્પન્ન કરે ? ને તેને તે કેમ ભોગવે ?

* આ વાત ખાસ સમજવા જેવી છે. સમજવા માટે, લક્ષ વાણી તરફ તો નહિ, પર્યાય તરફ પણ નહિ, પણ અંદર સત્ સ્વભાવ છે તેમાં લક્ષ કરે તો આ સમજાય તેવું છે. સિદ્ધ જેવા પોતાના સત્સ્વભાવથી આત્મા એક ક્ષણ પણ ભિન્ન નથી; એવા પોતાના આત્માને લક્ષમાં લઈને અનુભવ કરવાની આ વાત છે.

* શુદ્ધઆત્મા ઉપયોગસ્વરૂપ છે, તે પરમસ્વભાવમાં જેની દ્રષ્ટિ છે એવા ધર્મી જીવ રાગાદિની ક્રિયાના કર્તા પણ નથી ને ભોક્તા પણ નથી. સર્વજ્ઞપદ આત્માના સ્વભાવમાં ભર્યું છે, તેમાં એકાગ્રતાવડે તે પર્યાયમાં પ્રગટે છે. આત્માની શક્તિમાં કેવળજ્ઞાન ન હોય તો પર્યાયમાં આવે ક્યાંથી ? પરમ–જ્ઞાનસ્વભાવી આત્મા છે.

* –આવા જ્ઞાયકસ્વભાવની દ્રષ્ટિ કેમ કરવી ?

–અંતરમાં આવો સ્વભાવ છે, તેની જાત રાગાદિથી તદ્દન જુદી છે–એમ નિર્ણય કરીને ભેદજ્ઞાનનો અંદર અભ્યાસ કરે ત્યારે આવી દ્રષ્ટિ પ્રગટે. આ તો અંદરના સ્વરૂપની અપૂર્વ વાત છે. આવી દ્રષ્ટિ પ્રગટ કરીને જે જીવ આનંદ–

પરિણતિરૂપે પરિણમ્યો, તેના શુદ્ધપરિણમનમાં દુઃખ નથી, રાગ નથી, ને તેનો તે કર્તા–ભોક્તા નથી. શુદ્ધ જ્ઞાનપરિણતિમાં રાગના અકર્તાપણાની અપેક્ષાએ ક્ષાયિકજ્ઞાની ને શ્રુતજ્ઞાની બંને સરખાં છે.

* સંવત ૧૯૭૮ માં સમ્યગ્જ્ઞાનદીપિકા લઈને ( ગુરુદેવ ) વનમાં જતાં ને એકાંતમાં તેનું વાંચન–મનન કરતા. તેમાં કહ્યું છે કે આ આત્મામાં ને સિદ્ધપરમાત્મામાં કિંચિત્ પણ ફેર નથી. સ્વભાવથી આ આત્મામાં ને સિદ્ધપરમાત્મામાં કાંઈ ફેર માને તો તે મિથ્યાદ્રષ્ટિ છે. જેમ સ્વભાવથી બંને સરખાં છે, તેમ તે સ્વભાવની દ્રષ્ટિમાં જે રાગાદિનું અકર્તાપણું થયું તેમાં પણ બંને સરખાં છે. જેમ ક્ષાયિકજ્ઞાની એવા કેવળી પરમાત્માના જ્ઞાનમાં રાગાદિનું કર્તા–ભોક્તાપણું નથી, તેમ સ્વભાવદ્રષ્ટિવંત સાધક ધર્માત્માની શુદ્ધજ્ઞાનપરિણતિમાં પણ રાગાદિનું કર્તા–ભોક્તાપણું નથી. સ્વભાવદ્રષ્ટિ થતાં ધારાવાહી શુદ્ધજ્ઞાનપરિણતિ થયા કરે છે, ત્યાં 'આ પરિણતિને હું કરું' એવા વિકલ્પનોય તે પરિણતિમાં અભાવ છે. અહો ! પૂર્ણાનંદી ધ્રુવસ્વભાવની દ્રષ્ટિથી આવી પરિણતિરૂપે આત્મા પરિણમ્યો–તેનું નામ ધર્મ છે.

* અહો, વીતરાગી સંતોની આ પરમ કૃપા છે કે પામરને પ્રભુ કહીને બોલાવે છે. આત્મા પર્યાયમાં પામર છતાં સ્વભાવે પ્રભુ છે–તે પ્રભુતા સંતો બતાવે છે. જેમ માતા હેતથી હાલરડાં ગાઈને બાળકનાં વખાણ કરે, તેમ સંતો આત્મગુણના ગાણાં સંભળાવીને જગાડે છે કે રે જીવ ! તું જાગ ! રાગ જેટલો તું નથી, ને તારું જ્ઞાન રાગનું કર્તા નથી. તું તો પૂર્ણાનંદનો નાથ છો, ને સ્વભાવમાં એકાગ્ર થઈને પરમાત્મા થવાની તારી તાકાત છે.

* પર્યાયબુદ્ધિમાં સૂતેલા જીવને દ્રવ્યસ્વભાવ દેખાતો નથી. અખંડ દ્રવ્યસ્વભાવમાં જ્યાં દ્રષ્ટિને એકાગ્ર કરી ત્યાં જીવની મોહનિદ્રા ઊડી ગઈ ને તે જાગ્યો કે અહો ! જેવા પરમાત્મા તેવો હું છું. પરમાત્મામાં ને મારામાં કાંઈ ફેર નથી. પર્યાય ભલે છોટી–પણ સ્વભાવ તો મોટો છે, સ્વભાવ છોટો નથી. આવા મોટા સ્વભાવને પ્રતીતમાં લેતાં રાગાદિના કર્તાપણારૂપ તૂચ્છતા છૂટી જાય છે ને શુદ્ધ જ્ઞાનભાવરૂપ મોટું પરમાત્મપણું પ્રગટે છે. જેમ અણુબોંબ ( જાપાન ઉપર ફેંકાયો તે ) દેખાવમાં નાનો હોય પણ તેની શક્તિ એટલી મોટી હોય કે સેંકડો જોજનમાં ખેદાન–મેદાન કરી નાંખે ! તેમ આત્મા ક્ષેત્રથી દેખાવમાં ભલે નાનો લાગે પણ અંદર પરમાત્મશક્તિનો મોટો ભંડાર છે, ને તેની દ્રષ્ટિ–અનુભવ તે કરી શકે છે. નાના દેહમાં રહેલા દેડકાનો

આત્મા પણ પોતાના ધ્રુવ–ચિદાનંદ સ્વભાવને લક્ષમાં લઈને તેના આનંદનું વેદન કરે છે. તેના વેદનમાં રાગાદિના વેદનનો અભાવ છે. અજ્ઞાનદશામાં પર્યાયને પરભાવમાં એકાગ્ર કરીને દુઃખનું વેદન કરતો, હવે પર્યાયને સ્વભાવમાં એકાગ્ર કરીને આનંદનું વેદન કરે છે.

* પુણ્ય–પાપ રાગ–દ્વેષ તે તો ક્ષણિક દોષ છે. આખો આત્મા કાંઈ તેવો નથી, આત્માનો સ્વભાવ રાગાદિ પરભાવ વગરનો, જ્ઞાનાનંદે પરિપૂર્ણ છે. તે સ્વભાવને દેખનાર ધર્મીજીવ પુણ્યને પણ અશુચીરૂપ સમજીને તેને ઈચ્છતા નથી, તે તો જ્ઞાનરૂપ જ પરિણમે છે, જ્ઞાનપરિણતિમાં રાગ કેવો ? જ્ઞાનપરિણતિ ક્યાંથી આવે ? જ્યાં જ્ઞાન હોય ત્યાં એકાગ્રતાથી જ્ઞાનપરિણતિ આવે, પણ કાંઈ રાગમાંથી જ્ઞાનપરિણતિ ન આવે. સ્વભાવદ્રષ્ટિમાં એકાગ્ર થયો ત્યાં નિર્મળ જ્ઞાનપરિણતિરૂપે પરિણમ્યા જ કરે એવો આત્માનો સ્વભાવ છે. આવા આત્માની દ્રષ્ટિવાળા ધર્મીજીવ કર્મની નિર્જરા વગેરે દશાઓને જાણે જ છે, પણ તેને કરતા નથી; તેના અકર્તારૂપ એવા સહજ જ્ઞાનભાવરૂપે જ રહે છે. આવી શુદ્ધજ્ઞાનપરિણતિનું નામ ધર્મ છે.

* ધ્રુવસ્વભાવના આશ્રયે પર્યાયમાં જે પ્રયત્ન થયો ને શુદ્ધતાની વૃદ્ધિ થઈ તે તપ છે ને તે ભાવનિર્જરા છે. પરંતુ, આવી નિર્જરાપર્યાયને હું કરું એમ પર્યાયસન્મુખ દ્રષ્ટિથી નિર્જરા નથી થતી; પર્યાય અંતરમાં એકાગ્ર થઈ ત્યાં સ્વભાવના આશ્રયે શુદ્ધપરિણતિ વર્તે જ છે. તે શુદ્ધપરિણતિમાં રાગાદિ ભાવોનું કર્તા–ભોક્તાપણું નથી, ને તે જ મોક્ષનો ઉપાય છે.

* * * * *

## પામર નહીં-પણ-પરમાત્મા

**જે પોતાને પામર, રાગ-ક્રોધાદિ દોષરૂપ જ માનીને પ્રભુતા ( મોક્ષ ) લેવા માંગે છે તેને તે મળશે નહીં. પોતાને પામર જ માનીને પ્રભુતા ક્યાંથી લાવશે ?**

**પામરતા વગરનો, એટલે ક્રોધ-રાગાદિ દોષોથી જુદો, અનંતગુણના પરમ સ્વભાવથી ભરેલો પરમાત્મા હું છું-એમ પોતાને અનુભવનાર જીવ દોષને દૂર કરીને પરમાત્મા થાય છે. ‘હું જ સચ્ચિદાનંદ પરમાત્મા છું’ એમ સ્વભાવના પુરુષાર્થનો ટંકાર કરતાં સમ્યગ્દર્શનાદિ થાય છે.**

# 卐 भगवान पारसनाथ 卐

## [ ૧ ]

## -બે ભાઈ: મરૂભૂતિ અને કમઠ-

*****

લા બંધુઓ, આજે આપણા ત્રેવીસમા તીર્થંકર પારસનાથ ભગવાનની કથા તમને કહું છું. તેમણે કેવી ક્ષમા રાખી અને હાથીના ભવમાં આત્માને ઓળખીને તેઓ કેવી રીતે ભગવાન થયા, તે જાણીને તમને આનંદ થશે, અને તમને પણ તેમ કરવાનું મન થશે.

આપણા આ જંબુદ્વીપની વચ્ચે મોટો મેરુ પર્વત છે; તેની દક્ષિણ દિશામાં ભરતક્ષેત્ર છે. ઘણા ઘણા વર્ષો પહેલાં ત્યાં પોદનપુરમાં એક રાજા હતો, તેનું નામ અરવિંદ.

અરવિંદ રાજા જૈનધર્મનો ભક્ત હતો. તેના રાજ્યમાં સુંદર અને ઊંચા જિનમંદિરો હતા. અનેક મુનિવરો ને ધર્માત્માઓથી તેનું નગર શોભતું હતું.

તે રાજાના મંત્રીને બે પુત્રો હતા–એકનું નામ કમઠ, અને બીજાનું નામ મરૂભૂતિ. કમઠ મોટો ને મરૂભૂતિ નાનો; આ મરૂભૂતિ તે જ આપણા પારસનાથનો જીવ!

કમઠ અને મરૂભૂતિ બંને સગા ભાઈ હતા, છતાં કમઠ ક્રોધી અને દુરાચારી હતો, મરૂભૂતિ શાંત અને સરલ હતો. જેમ એક જ લોઢામાંથી તલવાર પણ બને છે ને બખ્તર પણ બને છે, તલવાર કાપે છે, બખ્તર બચાવે છે; તેમ એક જ માતાના બે પુત્રો, તેમાં એક કપુત છે ને એક સપુત છે. ક્રોધી કમઠ સદા દોષ દેખે છે ને મરૂભૂતિ વિનયથી સદ્ગુણ જુએ છે. વહાલા પાઠક! આગળ જતાં તને ખ્યાલ આવશે કે ક્રોધથી જીવનું કેટલું બુરું થાય છે! ને સદ્ગુણથી જીવ કેવો સુખી થાય છે!

હવે મંત્રીના બંને પુત્રો સાથે રમે છે, સાથે ભણે છે; એમ કરતાં કરતાં બંને પુત્રો યુવાન થયા, ને બંનેના લગ્ન પણ થઈ ગયા. તેઓ બ્રાહ્મણ હતા, હજી તેમને જૈનધર્મના સંસ્કાર મળ્યા ન હતા, તેમ જ આત્માની ઓળખાણ થઈ ન હતી.

એકવાર માથે સફેદ વાળ દેખીને રાજાના મંત્રીએ જાણ્યું કે હવે વૃદ્ધાવસ્થા આવી રહી છે, માટે હવે આત્માનું હિત કરી લઉં.–આમ વિચારી તેણે મંત્રીપણું મુકી દીધું ને એક મુનિ પાસે દીક્ષા લઈ લીધી. રાજાએ તેના પુત્રને મંત્રી બનાવ્યો. કમઠ દુષ્ટ હોવાથી તેને મંત્રી ન બનાવ્યો, પણ મરૂભૂતિને મંત્રી બનાવ્યો. પોતે મોટો છતાં પોતાને મંત્રીપદ ન મળ્યું ને નાનાભાઈને મંત્રીપદ મળ્યું તેથી કમઠના મનમાં ઘણી ઈર્ષા થતી હતી.

એક વખત રાજા અરવિંદ બીજા રાજા સામે લડવા માટે ગયો, ત્યારે મંત્રી મરૂભૂતિને પણ સાથે લઈ ગયો. રાજા અને મંત્રી બંને બહાર જતાં દુષ્ઠ કમઠ પોતે જ જાણે રાજા હોય તેમ વર્તવા લાગ્યો, ને પ્રજાને હેરાન કરવા લાગ્યો. મરૂભૂતિની સ્ત્રી ઘણી સુંદર હતી, તેને દેખીને કમઠ તેના ઉપર મોહિત થઈ ગયો. અરેરે, પોતાના નાનાભાઈની સ્ત્રી ઉપર તે મોહિત થયો! પાપી જીવને વિવેક ક્યાંથી હોય? નાના ભાઈની સ્ત્રી તે તો પુત્રી સમાન ગણાય, છતાં વિષયાંધ જીવ તેના ઉપર પણ કુદ્રષ્ટિ કરવા લાગ્યો. ધિક્કાર છે એવા વિષયોને! તેથી જ શાસ્ત્રો કહે છે કે રે જીવ! વિષ જેવા વિષયોને તું દૂરથી જ છોડ.

સુંદર સ્ત્રી ઉપર મોહિત થયેલો કમઠ એકદમ ઉદાસ રહેવા લાગ્યો, અને તેણે પોતાના મનની વાત પોતાના એક મિત્રને કરી. તેના મિત્રે તેને ખરાબ કામ ન કરવા માટે ઘણું સમજાવ્યો; આવાં પાપકાર્યોથી જીવ નરકમાં જાય છે, અહીં પણ તેની નિંદા થાય છે, માટે હે મિત્ર! તું મારી શિખામણ માન, અને આવા દુષ્ટ વિચારને છોડી દે! પરંતુ પાપી કમઠે તેની એક પણ શિખામણ ન માની; અને કહ્યું કે જો સુંદર સ્ત્રી મને નહિ મળે તો હું મરી જઈશ.

અંતે મરૂભૂતિની સુંદર સ્ત્રીને કપટપૂર્વક તેણે એક ફૂલવાડીમાં બોલાવી, અને દુષ્ટ કમઠે તેની સાથે દુરાચાર કર્યો. રાજા તો બહારગામ હતો, ફરિયાદ કોની પાસે કરવી?

કેટલાક દિવસ પછી, લડાઈનું કામ મરૂભૂતિ મંત્રીને સોંપીને અરવિંદ રાજા પોદનપુર ગામમાં પાછા ફર્યા અને રાજ્યની વ્યવસ્થા સંભાળી લીધી. લોકો પાસેથી કમઠના દુરાચારની વાત તેણે સાંભળી અને કમઠ ઉપર તેને ઘણો ગુસ્સો આવ્યો. આવા અન્યાયી માણસ મારા રાજ્યમાં શોભે નહીં, એમ વિચારીને તેને કડક શિક્ષા કરી; તેને ટકો કરાવી, મોઢું કાળું કરી, ગધેડા ઉપર બેસાડીને નગર બહાર કાઢી મુક્યો. પાપી કમઠના

આવા હાલ દેખીને નગરજનો કહેવા લાગ્યા કે જાુઓ આ પાપી જીવ એનાં પાપનું ફળ ભોગવી રહ્યો છે, માટે પાપથી દૂર રહો.

રાજાએ કમઠને કાઢી મૂક્યો તેથી તે ઘણો દુઃખી થયો અને તાપસી લોકોના મઠમાં જઈ બાવો થઈને રહેવા લાગ્યો, તથા કુગુરુઓની સેવા કરવા લાગ્યો. ત્યાં કોઈને લાંબી જટા હતી, તો કોઈએ શરીરે રાખ લગાવી હતી, કોઈ મૃગચર્મ ઉપર બેઠા હતા તો કોઈ પંચાગ્નિ તપતા હતા; કમઠ આવા કુગુરુઓ સાથે રહેવા લાગ્યો; એને કાંઈ જ્ઞાન તો હતું નહીં, વૈરાગ્ય પણ ન હતો. અજ્ઞાનથી અને ક્રોધથી હાથમાં મોટો પથરો ઉપાડીને, તે ઊભો ઊભો તપ કરતો હતો. એવામાં–શું બન્યું ?.......તે જાણતા પહેલાં આપણે તેના ભાઈ મરૂભૂતિની તપાસ કરી લઈએ.

* *

લડાઈમાં ગયેલો મરૂભૂતિ જ્યારે પાછો આવ્યો, અને પોતાના મોટા ભાઈ કમઠના દુરાચારની વાત જાણી, તથા રાજાએ તેને કાઢી મુક્યાની ખબર પડી, ત્યારે તેને ઘણું દુઃખ થયું. ભાઈ ઉપર તેણે ક્રોધ ન કર્યો પણ ઊલટું તેને મળવાનું અને ઘરે પાછો લાવવાનું મન થયું. એટલે તે રાજા પાસે આવ્યો અને કહ્યું કે હે મહારાજ! મારા ભાઈનો અપરાધ ક્ષમા કરો અને તેને રાજ્યમાં પાછો લાવવાની રજા આપો.


રાજાએ કહ્યુંઃ ભાઈ! તું ઘણો સજ્જન છો પણ કમઠ દુષ્ટ છે, એક જ ઘરમાં અમૃત અને ઝેરનો સંગમ થયો છે. કમઠ તારો ભાઈ છે પણ તેણે જે ખરાબ અને અન્યાયી કાર્ય કર્યું છે તેની શિક્ષા કરવી જ જોઈએ, તેમાં જ રાજ્યની શોભા છે, માટે તું કાંઈ ચિંતા ન કર અને ઘરે જા.

ઘરે આવીને પણ મરૂભૂતિને પોતાના ભાઈ વગર ચેન પડયું નહીં; એટલે તે તેના ભાઈને મળવા માટે જવા લાગ્યો. રાજાએ તેની પાસે ન જવા માટે તેને ઘણું સમજાવ્યો, પણ તેણે માન્યું નહીં, ને મોટાભાઈના મોહને વશ તેની તપાસ કરવા, અને તેની ક્ષમા માંગવા માટે તે ચાલ્યો. રે...બંધુપ્રેમનો મોહ કેવો છે! જીવોને મોહનું બંધન તોડવું મુશ્કેલ પડે છે.

મરૂભૂતિ પોતાના ભાઈને શોધતાં શોધતાં જ્યાં કમઠ રહેતો હતો ત્યાં આવી પહોંચ્યો, અને પોતાના ભાઈને બાવો થઈને આમ ખોટું તપ કરતો દેખીને તેને ઘણું દુઃખ થયું. તેની પાસે જઈ, હાથ જોડીને તે કહેવા લાગ્યો કે હે ભાઈ! તમારા વગર

મને ગમતું નથી. મેં રાજાને ઘણી વિનંતિ કરી પણ તેણે માફી ન આપી. હવે જે થયું તે થયું; તમે આ ખોટા વેષને છોડી દો; આવા કુગુરુઓ સાથે રહેવામાં ને આવા ખોટા તપ કરવામાં જીવનું કાંઈ ભલું થવાનું નથી, માટે તે છોડી દો; અને મારી સાથે પાછા આવો. તમે મારા મોટાભાઈ છો, માટે મારા પ્રત્યે ક્રોધ ન કરતાં મને ક્ષમા કરો.–આમ કહીને તે મરૂભૂતિએ પોતાના મોટાભાઈ કમઠને વંદન કર્યું.

પરંતુ આ તો ક્રોધી કમઠ! એ પોતાનો ક્રોધ કેમ છોડે? સજ્જનો પોતાના સરલ સ્વભાવને છોડતા નથી ને દુર્જનો પોતાના દુષ્ટ સ્વભાવને છોડતા નથી. જેમ કુહાડી વડે કાપવા છતાં ચંદન તો સુગંધ જ આપે છે, તેમ દુષ્ટજનો વડે દુઃખ દેવા છતા સજ્જનો પોતાની શાંતિને છોડતા નથી. દેખો, કમઠે કેવું ખરાબ કામ કર્યું છતાં મરૂભૂતિએ તેનો પ્રેમ અને વિનય છોડયો નહીં; પ્રેમથી તેની પાસે માફી માંગી.



–પણ દુષ્ટ કમઠનો ક્રોધ તો ઉલટો વધી ગયો. મારું આવું અપમાન આ મરૂભૂતિને લીધે જ થયું છે, ને અહીં પણ તે મને દુઃખ દેવા માટે જ આવ્યો છે! મારું પાપ અહીં બધા વચ્ચે તે કહી દેશે!–આમ વિચારી ક્રોધમાં ને ક્રોધમાં તે કમઠે હાથમાં ઉપાડેલો મોટો પથરો મરૂભૂતિના માથા ઉપર ફેંક્યો...મોટા પથરાનો ઘા લાગવાથી તરત જ મરૂભૂતિનું માથું ફાટી ગયું, તેમાંથી લોહીનો ધોધ વહેવા લાગ્યો ને થોડીવારમાં તેનું મરણ થઈ ગયું અરેરે, ક્રોધને લીધે સગા ભાઈના જ હાથે ભાઈનું મૃત્યું થયું.–રે સંસાર! જેમ સર્પ પાસેથી અમૃત કદી મળતું નથી તેમ ક્રોધમાંથી કદી સુખ મળતું નથી. ક્ષમારૂપ જીવનો સ્વભાવ છે, તેના સેવનથી જ સુખ થાય છે.

પત્થર વડે જ્યારે મરૂભૂતિનું મૃત્યુ થયું ત્યારે તેને પણ દુઃખને લીધે આર્ત્તધ્યાન

થઈ ગયું; હજી આત્માનું જ્ઞાન તો તેને થયું ન હતું, એટલે આર્ત્તધ્યાનના ભૂંડા ભાવથી મરીને તે પશુગતિમાં જન્મ્યો, ને સમ્મેદશિખરની નજીકના એક વનમાં મોટો હાથી થયો.

[ પ્રિય પાઠક! હાથી થયેલો આ પારસનાથ ભગવાનનો જીવ, આ હાથીના ભવમાં જ આત્મજ્ઞાન પામવાનો છે. તેની સુંદર કથા આવતા અંકમાં તમે વાંચશો. પણ તે પહેલાં, કમઠનું તથા રાજા અરવિંદનું શું થયું તે જાણી લઈએ. ]

કમઠે પોતાના ભાઈને પત્થર વડે છૂંદી નાંખ્યો–એ વાત જ્યારે આશ્રમના તાપસોએ જાણી ત્યારે તેમણે કમઠને પાપી જાણીને ત્યાંથી કાઢી મૂક્યો. પાપી કમઠ ચોર લોકો સાથે રહેવા લાગ્યો ને ચોરી કરવા લાગ્યો. ચોરી કરતાં પકડાયો ત્યારે તેને ખૂબ માર્યો. તે ઘણો દુઃખી થયો, પણ તેણે પોતાના ભાવ સુધાર્યા નહીં, અંતે ક્રોધમાં મરીને તે કુક્કટ નામનો ભયંકર ઝેરી સર્પ થયો.

મરૂભૂતિ તો મરીને હાથી થયો છે, પણ આ બાજુ રાજા અરવિંદને તેની કાંઈ ખબર નથી; તે તો ચિંતા કરે છે કે મરૂભૂતિ હજી કેમ પાછો ન આવ્યો? એવામાં ત્યાં એક અવધિજ્ઞાની મુનિરાજ પધાર્યા, તેમનો ઉપદેશ સાંભળીને રાજા ઘણો ખુશી થયો. પછી પૂછયું કે મારો મંત્રી મરૂભૂતિ ક્યાં છે? તે હજી કેમ પાછો આવ્યો નથી?

ત્યારે મુનિરાજે કહ્યું કે હે રાજા! મરૂભૂતિને તો તેના ભાઈ કમઠે મારી નાંખ્યો છે... દુઃખથી કુમરણ કરીને તે હાથી થયો છે.

એ સાંભળતાં જ રાજાને ખેદ થયો; તે વિચારવા લાગ્યો કે અરે! આ સંસાર કેવો છે! દુષ્ટનો સંગ કરવાથી મરૂભૂતિ દુઃખી થયો.

મુનિરાજે વૈરાગ્યથી સમજાવ્યું કે હે રાજા! આ સંસારના જન્મ–મરણને કોઈ મિથ્યા કરી શકતું નથી. આત્માનું જ્ઞાન જ્યાં સુધી ન કરે ત્યાં સુધી જીવને આવા જન્મ–મરણ થયા જ કરે છે. પોતાના હિતને માટે જીવે દુષ્ટ પુરુષોનો સંગ છોડી જ્ઞાની ધર્માત્માઓનો સંગ કરવા જેવો છે.

રાજા ઉદાસચિત્તે ઘેર આવ્યો; એકવાર રાજમહેલની અગાશીમાં બેઠો હતો ને મુનિરાજના ઉપદેશને યાદ કરીને વૈરાગ્યના વિચાર કરતો હતો, એવામાં એક ઘટના બની. આકાશમાં સુંદર રંગબેરંગી વાદળાં ભેગા થવા લાગ્યા, ને થોડીવારમાં તો એક અત્યંત સુંદર જિનમંદિર હોય એવું દ્રશ્ય બની ગયું. એનો દેખાવ અદ્‌ભુત હતો! અહા,

આકાશમાં આવું રમણીય જિનમંદિર,–તે દેખીને રાજાને એવો વિચાર આવ્યો કે હું પણ મારા રાજ્યમાં આવું જ મંદિર બનાવીશ–આમ વિચારીને તે મંદિરનું ચિત્ર કરી લેવા તેણે તૈયારી કરી. પણ રાજાએ હજી તો કલમ હાથમાં લીધી ત્યાં તો વાદળાં વીખરાઈ ગયા ને તે અદ્ભુત મંદિરની રચના અદૃશ્ય થઈ ગઈ.

રાજા તો આ દેખીને દિંગ થઈ ગયો...અરે! આવો અસ્થિર સંસાર! સંયોગ આવા ક્ષણભંગુર! આ રાજપાટ–રાણી–શરીર એ બધા સંયોગો પણ આ વાદળાં જેવા જ અસાર અને વિનાશિક છે. અરે, આવા અસ્થિર ઇન્દ્રિયવિષયોમાં દિનરાત મચ્યા રહેવું –તે જીવને શોભતું નથી. આ શરીર ક્ષણભંગુર છે ને ભોગો તો દુઃખ દેનારા જ છે. જેણે પોતાનું હિત કરવું હોય તેણે આવા ભોગોના મોહમાં જીવન ગુમાવવું યોગ્ય નથી. જેમ આ વાદળાં ક્ષણનાય વિલંબ વગર વીખરાઈ ગયા, તેમ હું પણ હવે તો ક્ષણનાય વિલંબ વગર આ સંસાર છોડીને મુનિ થઈશ ને આત્મધ્યાન વડે કર્મનાં વાદળાંને વીખેરી નાંખીશ.

–આ પ્રમાણે અત્યંત વૈરાગ્યપૂર્વક રાજપાટ છોડીને અરવિંદ રાજા વનમાં ચાલ્યા ગયા ને દિગંબર ગુરુ પાસે દીક્ષા લઈને મુનિ થયા. તે અરવિંદમુનિરાજ આત્માનું સાધન કરે છે ને દેશોદેશ વિચરે છે; અનેક તીર્થોની યાત્રા કરે છે ને અનેક જીવોને પ્રતિબોધે છે. ધન્ય મુનિરાજ! (આવતા અંકમાં હાથીને સમ્યગ્દર્શન થવાના પ્રસંગનું અદ્ભુત –આનંદકારી વર્ણન જરૂર વાંચો.)

## હું છું આનંદધામ

સમ્યગ્દર્શન થતાં આનંદનો અનુભવ થયો, ત્યાં નિઃશંકપણે ધર્મી જાણે છે કે આવો આખોય આનંદ તે હું છું. જ્યાં પોતાનો આનંદ પોતામાં દેખ્યો, એનો સ્વાદ ચાખ્યો, ત્યાં પરમાં ક્યાંય સુખબુદ્ધિ જ્ઞાનીને રહેતી નથી; પોતાના આનંદધામ તરફ જ વૃત્તિનો વેગ વહે છે.

## થાક નહીં પણ ઉત્સાહ

સ્વભાવ સમજવાના ઉદ્યમમાં તને થાક લાગે છે ને પરભાવમાં તને થાક નથી લાગતો,–પણ અરે ભાઈ! સ્વભાવને સાધવો એમાં થાક શા? એમાં થાક ન હોય, એમાં તો પરમ ઉત્સાહ હોય, એ તો અનાદિના થાક ઉતારવાના રસ્તા છે. મુમુક્ષુને તો પરભાવમાં થાક લાગે ને સ્વભાવ સાધવામાં પરમ ઉત્સાહ જાગે.

# વાંચકો સાથે વાતચીત અને તત્ત્વચર્ચા

### સમયસારને જાણતાં-

સમયસારને જાણતાં જ્ઞાન અધિકું થાય, નિજાનંદની મસ્તીમાં આતમસુખ પમાય. સમયસાર સ્વસમય છે નિશ્ચય આતમરામ, વૈભવ એ કુંદકુંદનો, કરું સદા પ્રણામ. મન મસ્તી–આનંદમાં ભેદજ્ઞાન જો થાય, ઊછળે સાગર સુખનો...ને પદવી સિદ્ધ પમાય.

પ્રશ્નઃ– मुनि होना कि नहीं होना ?

(એક હિંદી ભાઈએ પૂછયું.)

ઉત્તરઃ– જરૂર હોના. મુનિ થયા વગર મોક્ષ પામી શકાય નહીં. માટે શુદ્ધોપયોગરૂપ મુનિપણું જરૂર પ્રગટ કરવું. આવું મુનિપણું પ્રગટ કરવા માટે પહેલાં શુદ્ધઆત્માને ઓળખીને અનુભવમાં લેવો જોઈએ. બાકી આત્માના જ્ઞાન વગર શુભ રાગથી મુનિપણું માની લ્યે તે કાંઈ મુનિપણું નથી, ને તેમાં આત્માનું હિત નથી.

પ્રશ્નઃ– આપ તો મુનિકો નહીં માનતે–ઐસા લોગ કહતે હૈં ?

ઉત્તરઃ– જેને આત્માનું જ્ઞાન નથી, આત્માનો અનુભવ નથી, શુભરાગને જ મોક્ષનું સાધન માને છે ને સાચા વીતરાગી તત્ત્વનો વિરોધ કરે છે એવા કુગુરુઓને અમે મુનિ તરીકે નથી માનતા; પરંતુ જે સાચા મુનિ છે, જે આત્માના જ્ઞાન સહિત શુદ્ધોપયોગી આનંદદશામાં ઝુલે છે, જે રત્નત્રયના ધારક છે એવા સંત–દિગંબર ગુરુઓને અમે મુનિ તરીકે પૂજીએ છીએ, તેમના ચરણોમાં પરમ ભક્તિથી નમસ્કાર કરીએ છીએ; ને એવી મુનિદશાની ભાવના ભાવીએ છીએ. લોગોંકો તો મુનિદશા કૈસી હૈ ઉસકી ખબર હી નહીં હૈ, વે તો ચાહે જૈસા બોલેં.

### પરમ આત્મા હૂં મૈં.....યહી મોક્ષ મેરા

[બાલ વિભાગના એક સભ્ય (નં. ૧૨૬૨, મોરબી) ‘મેરી આત્મઝંખના’ નીચેના કાવ્યમાં બાલભાષામાં રજુ કરે છે...ને બાલસભ્યો માટે આત્મધર્મમાં મોકલે છે,–બીજા બાળકો પણ આવું લખાણ મોકલી શકે છે.–સં.]

એક પરમ આતમા હૂં મૈં, યહી મોક્ષ મેરા,
આ રહા હું પીછે તેરે, તૂં હી ધ્યેય મેરા.....
છોડ દી થી અબતક મૈને, ભાવના હી સારી,
ઘૂમતા થા પાગલ જૈસા, બના નાસ્તિક ભારી,
કિન્તુ તવસુ–સંદેશને, દિયા જ્ઞાન સારા,
એક પરમ આતમા હૂં મૈં યહી મોક્ષ મેરા.....

ભાવના જો ભીષણ કી હૈ, પૂર્ણ વહ કરુંગા,
પૂર્ણ ભાવના કો જીતે જી, પ્રાપ્ત કર લૂંગા,
પરમ આત્માકો જાનને કા, હૈ કાર્ય મેરા,
એક પરમ આતમા હૂં મૈં યહી મોક્ષ મેરા.....

શ્રીગુરુ ભક્તિ કી હૈ, ફિર એક ભાવના ભરી હૈ,
શુદ્ધ જ્ઞાન–મંત્ર રટન કી, ઉર્મિ હૃદય જગી હૈ,
હો જાઉં ઇસી સે હી વીતરાગી પૂર્ણ પ્યારા,
એક પરમ આતમા હૂં મૈં યહી મોક્ષ મેરા....

છૂટ જાય તન ભલે હી સંયોગ ચાહે જો હો,
કિન્તુ, આત્મા મેરી, ચલેગી હી મોક્ષ પથ પર,
પીછે–પીછે આના તેરે, યહી જૈન ધર્મ મેરા...
એક પરમ આતમા હૂં મૈં...યહી મોક્ષ મેરા.

મુજે પરભાવ લગતે અસાર, યે હૈ ઝેરી સંસાર,
આત્મા કે સીવા અન્ય કોઈ, લગતા નહીં હૈ સાર,
અન્ય કોઈ બીન ના, ચાહતા હૂં મૈં જૈનધર્મ મેરા
આ રહા હૂં પીછે તેરે, તૂં હી ધ્યેય મેરા....
એક પરમ આત્મા હૂં મૈં...યહી મોક્ષ મેરા

# શુદ્ધાત્મરસ પાથરતું એકમેવ માસિક

આત્મધર્મનો એક દીવાળી–અંક દેખીને, ઉલ્લાસનગર–થાણા (મહારાષ્ટ્ર) ના એક મુમુક્ષુ ભાઈ, જેમને ગુજરાતી ભાષા માંડ–માંડ આવડે છે તેઓ ઘણા પ્રમોદપૂર્વક લખે છે–માસિક હાથમાં આવતાં તેમાં શુદ્ધાત્મા દેખાડયો, તેનો જ્ઞાન ને અનુભવ બતાવ્યો. એક લેખમાં લખ્યું છે–'તે સિદ્ધપદને યાદ કરતાં, તેના જેવું નિજસ્વરૂપ લક્ષમાં લેતાં, તેની સમીપ જતાં ને તેમાં એકાગ્ર થતાં...' ખરેખર આ વાક્યો સમ્યક્ત્વના નિર્માતા છે ને ભવથી છોડાવનારા છે. આત્મધર્મનું મુખપૃષ્ઠ જ આત્મધર્મ શું છે તેનો ખ્યાલ આપે છે. પછી પાનું ઉલ્ટાવતાં ઉત્તમ શિખ આપી જે "ગુરુરાજ દરશાવે જિનશાસન મર્મ; નિજસુખ અર્થે સમજો આતમ ધર્મ." નીચેના લેખમાં ગુરુ–શિષ્યનું દ્વૈતપણું ન રહે એવી વાત આવી છે. નીચેના પેરિગ્રાફમાં આપણા જીવનકર્તવ્યનો ખ્યાલ આપ્યો છે. આત્માનું મહિમાવંત સ્વરૂપ સમજાવ્યું; જીવને મહા ભાગ્યથી એવું સ્વરૂપ સાંભળવા મળે છે એમ દર્શાવ્યું છે. ત્રીજા પેરિગ્રાફમાં તો 'જેમ દૂધપાકના તાવડામાં ઝેરનું ટીપું સમાય નહીં તેમ આનંદરસથી ભરેલા ચૈતન્યના મીઠા દૂધપાકમાં રાગરૂપી ઝેરનું ટીપું પણ ભળી શકે નહીં'–એમ વાંચતાં, હર્ષ સાથે 'બોલો શ્રી સદગુરુદેવનો જય હોવો' એવો જયઘોષ બહાર આવ્યા વિના રહ્યો જ નથી. ખરેખર તે ગુરુદેવ મહંત છે, તેમના યોગે તો કેવળજ્ઞાનરૂપી આનંદમય મંગલ સુપ્રભાત ઉગશે જ!! અને 'જ્ઞાનમય સુપ્રભાત' આ સુવર્ણમય લેખમાં આસોવદ અમાસની વાત વાંચતાં દિલ કેવો હર્ષથી ને સમાધાનથી ગદગદી ઊઠે છે! તદ્ પશ્ચાત્ મોક્ષરૂપ જ થવું ગમે છે.

–આમ હરએક લેખમાં શુદ્ધાત્મ રસ પાથરતું આ ઉત્કૃષ્ટ એકમેવ માસિક મારા ભાગ્યથી વાંચવા મળ્યું. વહેલીતકે બીજા માસિકો મોકલજો.

(એસ. એન. પવાર, ઉલ્લાસનગર)

* * *

# સુખથી ભરેલા સ્વભાવની સરસ ચર્ચા

અખંડ આત્માને તેના ત્રિકાળ સ્વભાવરૂપે જુઓ તો તે જ્ઞાયકભાવરૂપે જ છે; જ્ઞાતાભાવ અને સુખથી પૂર્ણ આત્મા જ્યાં પ્રતીતમાં આવ્યો ત્યાં તેની પર્યાયના પ્રવાહમાં પણ કેવળજ્ઞાન અને પૂર્ણ સુખ આવશે જ.

(ચાલુ: પાનું ૩૬)

આવો જ્ઞાન અને સુખસ્વરૂપ આત્મા, તે દુઃખનો વેદનાર નથી. જ્ઞાનસ્વભાવ છે તે અમૃતકુંભ છે, ને રાગાદિ પરભાવો વિષરૂપ છે–દુઃખરુપ છે. જેમ એક વસ્તુમાં બીજી વસ્તુ નથી, સ્વમાં પર નથી, તેમ સુખસ્વરૂપ આત્મામાં દુઃખનું વેદન નથી. આત્માના સુખસ્વભાવથી દુઃખભાવ જાુદો છે.

જ્ઞાયકભાવ તે આત્મા છે; જ્ઞાયકભાવ કદી શુભાશુભ રાગરૂપ થયો નથી. જીવે અજ્ઞાનથી નરકાદિનાં દુઃખ અનંતવાર વેદ્યાં, છતાં જ્ઞાયક સ્વભાવ તો કાંઈ દુઃખના વેદનરૂપ થયો નથી. નરકમાં બહારના સંયોગથી જુઓ તો ઘડી પણ શાંતિ નથી, પણ સ્વભાવથી જુઓ તો ત્યાં ત્રિકાળી શાંતિનો ભંડાર આત્મામાં ભર્યો છે. તેની દ્રષ્ટિથી ત્યાં પણ સમ્યક્ત્વ પમાય છે ને અપૂર્વ શાંતિ વેદાય છે. દુઃખ તો ઉદયભાવ છે, પારિણામિકભાવમાં શાંતિનો અખૂટ ભંડાર છે, તેમાં જરાય દુઃખ નથી. આવા મારા સ્વભાવમાં સર્વજ્ઞતા ને પૂર્ણાનંદ ભરપૂર છે–એમ જ્યાં સ્વતત્ત્વ પ્રતીતમાં લીધું ત્યાં સર્વજ્ઞતાનું સાધન શરૂ થયું. હવે અલ્પકાળમાં જ સર્વજ્ઞતા પ્રગટ થશે, થશે ને થશે. આનું નામ અમૃત છે, મોક્ષના માર્ગને અમૃતમાર્ગ કહ્યો છે; એટલે સંસારના કારણરૂપ રાગાદિ ભાવો તે ઝેર છે.

સ્વભાવ તરફથી જાુઓ તો આત્મા એકાન્ત શુદ્ધ છે, અશુદ્ધતા તેમાં નથી; આવા એકાંતશુદ્ધ સ્વભાવપણે આત્માનો અનુભવ તે પૂર્ણ શુદ્ધતારૂપ મોક્ષનું કારણ છે; શુભરાગ વગેરે એકાંત અશુદ્ધ છે, તેનો અનુભવ મોક્ષનું કારણ નથી.

ભાઈ, તારી આવી શુદ્ધ વસ્તુની આસ્થા લાવ...આવો જ હું છું, એમ નિઃશંક થઈને આત્માના અસ્તિત્વને લક્ષમાં લે. આ તો વીરમાર્ગ છે, વીરોનો આ માર્ગ છે...તે અફરગામી છે. એકવાર અંદરથી સ્વભાવનું જોર લાવ......પોતાનો ભરોસો કર. તારામાં પામરતા નથી, તારામાં પ્રભુતા છે; તે પ્રભુતાનો વિશ્વાસ કરીને અંતરમાં અનુભવ કર. ‘ન થઈ શકે’ એ ભાવ છોડી દે. પોતાના જ અસ્તિત્વની પ્રતીત પોતાને ન થાય એ કેવી વાત! તારાથી થઈ શકે તેવી આ વાત છે. તારા જેવા અનંતા જીવો જે કરીને મોક્ષ પામ્યા, તે જ આ વાત છે, ને તારાથી થઈ શકે તેવી છે. તે માટે અંદર પાત્ર થઈને પ્રયત્ન કરવો જોઈએ. એક ક્ષણમાં અંદર ઊતરીને અનુભવ થઈ શકે એવી વસ્તુ છે.

–રાત્રિચર્ચામાંથી.

## વીસમી સદીકા શ્રેષ્ઠ સાહિત્ય.......... ‘પહલે કૌન પઢે?’

ખંડવાના એક મુમુક્ષુભાઈ–જેઓ શિક્ષક છે અને જેમનું નામ શ્રીમંધર જૈન છે, તેઓ પ્રસન્નતાપૂર્વક લખે છે કે “આજ ગુજરાતી–બાલપોથી ભાગ ૨ કી પ્રતિ મિલી,, પઢકર હૃદયમેં બહુત હી હર્ષ હુઆ કિ આજ વીસવીં સદીમેં જબ કિ સંસાર ભૌતિકવાદી હોને જા રહા હૈ વહાં હમારે ઐસે ભી લેખક હૈં જિન્હોંને અપના સારા જીવન અધ્યાત્મકે સંસ્કારકેં સીંચનમેં લગા દિયા। ગુરુદેવકે ચરનોંમેં જિન્હોંને અપને જીવનકો સફલ કરને કે સાથ હી સાથ ઐસે સુંદર એવં હૃદયકો સ્પર્શ કરાનેવાલે સાહિત્યકા સૃજન કિયા જિસસે હમકો ભી આત્માકી લગની લગી હૈ. વાસ્તવમેં બાલપોથીમેં જો ભી સંવાદ હૈં વે માત્ર બાલકોંકે નહીં લેકિન ઉનકે માતાપિતાઓંકે ભી સંસ્કારોકો બનાયેગી। પ્રશ્ન–ઉત્તરકે માધ્યમસે જિન ભાવોંકો રખા હૈ વે સીધે હૃદયકો સ્પર્શ કરતે હૈં કિ અહો, હમારી આત્મામેં ભી ઐસા પંચ પરમેષ્ઠી પદ પડા હૈ। સંસારમેં યહીં મંગલ, ઉત્તમ ઔર શરણ હૈ। સદિયોંસે નમસ્કારમંત્ર બોલતે હૈં લેકિન આજ તક ભી ભાવ પકડમેં નહીં આયા. હમ તો ઐસા સાહિત્ય પાકર ધન્ય હો ગયે. હમારે ઘરમેં તો જૈસે હી સોનગઢકા સાહિત્ય આતા હૈ–ધૂમ મચ જાતી હૈ કિ પહલે કૌન પઢે? આપને જો લેખનકે માધ્યમસે જનજીવનમેં અધ્યાત્મકે સંસ્કારોંકો પુષ્ટ કિયા હૈ, મૈં સમજતા હૂં ઇતના બડા પુણ્ય આજ કરોડોં રૂપયા દાન ભી દેને મેં નહીં હૈ।”

* * *

*** ગુરુદેવ વારંવાર કહે છે કે-**

આ ધ્રુવદ્રવ્ય ને આ પર્યાય, એમ ઓઘેઓઘે શાસ્ત્રથી તો ઘણા જાણે છે, શાસ્ત્ર ભણીને અજ્ઞાની પણ એટલી ધારણા તો કરી લ્યે છે; પણ પર્યાયને અંતરમાં વાળીને ધ્રુવમાં પ્રસારીને પ્રતીત ને અનુભવ કરે ત્યારે સાચું કહેવાય. ત્યારે સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન થાય. –આવો ગંભીર સૂક્ષ્મ અંતરનો વીતરાગ માર્ગ છે.

* * *

*** અવિભાગપ્રતિચ્છેદ**

જેટલા અનંતાનંત અવિભાગપ્રતિચ્છેદ એક કેવળજ્ઞાનપર્યાયના છે, તેટલા જ અનંતાનંત અવિભાગપ્રતિચ્છેદ જ્ઞાનગુણના છે. જે ગુણની પૂર્ણ પર્યાયના જેટલા અવિભાગપ્રતિચ્છેદ છે તેટલા જ અવિભાગપ્રતિચ્છેદ તે ગુણની શક્તિના છે.

પ્રશ્નઃ– સોનગઢમાં પ્રવચનમાં સમયસાર–પરમાગમ જ વંચાય છે ને બીજા કોઈ શાસ્ત્ર નથી વંચાતા–એ વાત ખરી છે?

ઉત્તરઃ– સમયસાર–પરમાગમની હંમેશા મુખ્યતા હોય છે એ ખરું, પરંતુ સમયસાર ઉપરાંત ષટ્ખંડાગમ (ભાગ–૧) વગેરે બીજા પચાસ જેટલા વીતરાગી શાસ્ત્રો પણ સોનગઢમાં પ્રવચનમાં વંચાઈ ચૂકયા છે.

* * *

## મુંઝવણમાંથી માર્ગ

* રાજકોટના એક મુંઝાયેલ મુમુક્ષુએ માર્ગદર્શન માગ્યું છે;–તેમને એટલું જ જણાવવાનું કે, હે જીવ! વર્તમાન જે કાંઈ પરિસ્થિતિ બહારમાં ઊભી થાય છે તે, તારા પૂર્વના તે–તે પ્રકારના ભાવને સૂચવે છે. તેવા ભાવ અત્યારે ન સેવવા. પૂર્વે વિરાધના–ભાવે જે કર્મો બંધાયા તે અત્યારે પ્રતિકૂળતારૂપે દેખાય છે; તેમાં શાંતિ માટે એક જ સર્વોત્તમ ઉપાય શ્રી જ્ઞાનીઓ બતાવે છે કે, તે બધા કર્મોથી ભિન્ન એવા જ્ઞાનને લક્ષમાં લઈને તેની ભાવના કર. જ્ઞાનની ભાવના વડે બહારની ગમે તેવી પરિસ્થિતિમાં પણ શાંતિ મળી શકશે ને મુંઝવણનો ઉકેલ થઈને આત્મહિતનો માર્ગ મળી આવશે. આવી જ્ઞાનભાવનાથી ઊંચો બીજો કોઈ જ ઉપાય નથી. બાકી તો સાધર્મીઓને પોતાના દુઃખી સાધર્મી પર સર્વ પ્રકારે સહાનુભૂતિ હોય છે.

* * *

## સુખી મુનિવરા

આ સંસારમાં માત્ર તે મુનિઓ જ પરમ સુખી છે કે જેઓ સર્વ પ્રકારની ચિન્તાને છોડીને ધ્યાન વડે આત્મિક સુખને અનુભવી રહ્યા છે. જગતમાં તે મુનિરાજ ધન્ય છે કે જેઓ આત્માના અંતર સરોવરમાંથી ધ્યાનરૂપી અંજલિ ભરીભરીને ઉત્તમ આનંદામૃતને સદા પીએ છે.

* * *

દશલક્ષણીધર્મની આરાધનાનું મહાન પર્વ (પર્યુષણ) ભાદરવા સુદ (પ્રથમ) પાંચમ ને શનિવાર તા. ૫–૯–૭૦ થી પ્રારંભ થશે.

## રાગને જાણતો આત્મા જ્ઞાનપણે પ્રસિદ્ધ થાય છે, રાગપણે નહીં

રાગાદિક ભાવોને જાણતો આત્મા, પોતાને ચેતકસ્વભાવપણે પ્રસિદ્ધ કરે છે, રાગાદિકપણે પ્રસિદ્ધ નથી કરતો. રાગાદિકને પરજ્ઞેયપણે જાણતો તે આત્મા, ‘હું ચેતકસ્વભાવ છું’ એમ પોતાને અનુભવે છે, પણ હું રાગાદિ છું એમ અનુભવતો નથી.

સ્વજ્ઞેયરૂપ આવા જ્ઞાનની અનુભૂતિ તે સમ્યગ્દર્શનાદિ છે. તે સમ્યક્ત્વાદિ આત્મલાભ, રાગ વગરનો જ છે. રાગના અભાવમાં ચેતનનું જીવન છે. આમ ચેતના અને રાગને અત્યંત જુદાઈ છે.

આવું ભેદજ્ઞાન કરીને આત્માને અનુભવનારી ચેતના તે મોક્ષનું સાધન છે. અને આત્માથી તે અભિન્ન છે, જુદી નથી.

* * *

# વૈરાગ્ય સમાચાર

શ્રાવણ સુદ ૧૦ ના રોજ શ્રી સમરતબેન મગનલાલ (તેઓ પૂ. બેનશ્રી ચંપાબેનના મોટા બેન, અને બ્ર. કંચનબેનના માતુશ્રી) સોનગઢ મુકામે બ્રહ્મચર્યાશ્રમમાં ૭૪ વર્ષની વયે સ્વર્ગવાસ પામ્યા. છેલ્લા ૨૮ વર્ષથી તેઓ સોનગઢમાં રહીને સત્સંગનો લાભ લેતા હતા. આ પહેલાં તેઓ કરાંચી રહેતા ત્યારે, અઢી વર્ષના પૂ. ચંપાબેનને ઊછેરીને તેમણે જ મોટા કરેલા. તેઓ ખૂબ ભદ્રિક હતા ને પૂ. બેનશ્રી બેને લખી આપેલી આત્મહિતની ભાવના તેઓ બહુમાનપૂર્વક ભાવતા હતા. આગલે દિવસે પણ અડધી કલાક સુધી પૂ. બેનશ્રીએ તેમની સાથે વાતચીત કરેલી. દશમને દિવસે સવારમાં તેમને જરા ઠીક નહોતું લાગતું તોપણ જિનમંદિરે આવીને પૂજન કર્યું તથા ગુરુદેવનું પ્રવચન પણ સાંભળ્યું. અને બપોરે દર્દ વધી જતાં એકાએક સ્વર્ગવાસ પામી ગયા. (આ લખનાર ઉપર પણ તેઓ એક મા જેવું હેત રાખતા.) સત્સંગમાં જ્ઞાનીઓ દ્વારા સીંચાયેલા ઉત્તમ સંસ્કાર વડે તેમનો આત્મા ઉન્નત્તિમાર્ગમાં આગળ વધે ને વીતરાગી દેવ–ગુરુના સાક્ષાત્‌યોગે આત્મહિત પામે–એ જ ભાવના.


(બ્ર. હ. જૈન)

# અમે જિનવરનાં સંતાન * નવા સભ્યોનાં નામ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૫૩૨ | કમલેશકુમાર ચુનીલાલ જૈન | મેવાસા | ૨૫૫૯ | નરેશકુમાર જયંતીલાલ જૈન | મુંબઈ |
| ૨૫૩૩ | અવનિશકુમાર પ્રેમજી જૈન | આણંદ | ૨૫૬૦ | પારુલબેન છબીલદાસ જૈન | કલકત્તા |
| ૨૫૩૪ | જયેશકુમાર જ. જૈન | આણંદ | ૨૫૬૧ | વર્ષાબેન મનસુખલાલ જૈન | કલકત્તા |
| ૨૫૩૫ | કિરીટકુમાર કાંતિલાલ જૈન | પાદરા | ૨૫૬૨ | સુરેશકુમાર સાંકળચંદ જૈન | કલકત્તા |
| ૨૫૩૬ A | સુરેશકુમાર કાંતિલાલ જૈન | દેલવાડા | ૨૫૬૩ | અશોકકુમાર લલ્લુભાઈ જૈન | પોશીના |
| ૨૫૩૬ B | અશોકકુમાર કાંતિલાલ જૈન | દેલવાડા | ૨૫૬૪ | શૈલેશકુમાર ડાયાભાઈ જૈન | માંગરોળ |
| ૨૫૩૭ | રંજનબેન વાડીલાલ જૈન | મહાવીરનગર | ૨૫૬૫ | હરેશ અનુભાઈ જૈન | અમદાવાદ |
| ૨૫૩૮ | હર્ષદકુમાર દેવજીભાઈ જૈન | કાનાતળાવ | ૨૫૬૬ | ધનેન્દ્ર અનુભાઈ જૈન | અમદાવાદ |
| ૨૫૩૯ | પ્રકાશ વી. જૈન | બેંગ્લોર | ૨૫૬૭ | કમલેશ શાંતિલાલ જૈન | મુંબઈ |
| ૨૫૪૦ | મહેન્દ્રકુમાર અમૃતલાલ જૈન | મુંબઈ | ૨૫૬૮ | જગતકુમાર રમણીકલાલ જૈન | બિલ્લીમોરા |
| ૨૫૪૧ | ભારતીબેન ભોગીલાલ જૈન | મુંબઈ | ૨૫૬૯ | પ્રમોદકુમાર એમ. જૈન | મુંબઈ |
| ૨૫૪૨ | રમિલાબેન અમૃતલાલ જૈન | મુંબઈ | ૨૫૭૦ | હંસાબેન પી. જૈન | મુંબઈ |
| ૨૫૪૩ | પ્રજેશ મનુભાઈ જૈન | પાદરા | ૨૫૭૧ | પરાગ પી. જૈન | મુંબઈ |
| ૨૫૪૪ | કિરણબેન સોમચંદ જૈન | છાણી | ૨૫૭૨ | ચેતનાબેન પી. જૈન | મુંબઈ |
| ૨૫૪૫ | જયકુમાર પી. જૈન | રાજકોટ | ૨૫૭૩ | વિપુલ પી. જૈન | મુંબઈ |
| ૨૫૪૬ | હર્ષાબેન પી. જૈન | રાજકોટ | ૨૫૭૪ | સુધીરકુમાર સુખલાલ જૈન | સાગર |
| ૨૫૪૭ | જયન પી. જૈન | રાજકોટ | ૨૫૭૫ | સુધાકુમારી સુખલાલ જૈન | સાગર |
| ૨૫૪૮ | નીતાબેન એમ. જૈન | ઉત્તરસંડા | ૨૫૭૬ | સુશીલકુમાર સુખલાલ જૈન | સાગર |
| ૨૫૪૯ | અશોકકુમાર એમ. જૈન | ઉતરસંડા | ૨૫૭૭ | કિરીટકુમાર ચી. જૈન | સીકંદરાબાદ |
| ૨૫૫૦ | પરશોતમ આર. જૈન | અમદાવાદ | ૨૫૭૮ | અનૂપ ચી. જૈન | સીકંદરાબાદ |
| ૨૫૫૧ | ભદ્રેશકુમાર શાંતિલાલ જૈન | ધારુકા | ૨૫૭૯ | અજય ચી. જૈન | સીકંદરાબાદ |
| ૨૫૫૨ | રાજેશકુમાર ત્રંબકલાલ જૈન | નંદરબાર | ૨૫૮૦ | અરવિંદ શાંતિલાલ જૈન | સીકંદરાબાદ |
| ૨૫૫૩ | જસ્મિનકુમાર રસિકલાલ જૈન | વઢવાણ | ૨૫૮૧ | વિનયકુમાર શાતિલાલ જૈન | સીકંદરાબાદ |
| ૨૫૫૪ | રાજેશકુમાર મુકુંદરાય જૈન | ભાવનગર | ૨૫૮૨ | સ્મિતાબેન શાંતિલાલ જૈન | સીકંદરાબાદ |
| ૨૫૫૫ | દીપિબેન મુકુંદરાય જૈન | ભાવનગર | ૨૫૮૩ | મનીશકુમાર રમેશચંદ્ર જૈન | મુંબઈ |
| ૨૫૫૬ | ચંદ્રકાંત ચુનીલાલ જૈન | સોનગઢ | ૨૫૮૪ | ઉમેશકુમાર આર. જૈન | મુંબઈ |
| ૨૫૫૭ | પ્રફુલ્લકુમાર વીરચંદ જૈન | પોશીના | ૨૫૮૫ | મિતેશકુમાર આર. જૈન | મુંબઈ |
| ૨૫૫૮ | સતિશકુમાર વીરચંદ જૈન | પોશીના | | * | |



ભાવનગરમાં વૈશાખ સુદ બીજે જન્મજયંતી પ્રસંગે કવિ દૂલાભાઈકાગના પુત્ર શ્રી રામભાઈ તથા તેમના સાથીદાર ભક્તિ-દોહાની રમઝટ બોલાવી રહ્યા છે.



વૈશાખ સુદ બીજે ભાવનગરના મહારાજા શ્રી વીરભદ્રસિંહજી પ્રવચન પછી ગુરુદેવ સમક્ષ પ્રસન્નતા વ્યક્ત કરી રહ્યા છે. ગુરુદેવ કહે છે કે તમારા પિતાશ્રી ( કૃષ્ણકુમારસિંહજી ) સોનગઢ આવ્યા ત્યારે પણ આ જ વાત કરી હતી.

ફોન નં : ૩૪ “આત્મધર્મ” Regd. No. G. 182

# નિજગુણસમ્પન્ન આત્મવસ્તુ

‘અસ્તિત્વ’ થી આત્મવસ્તુ સદૈવ સ્વાધીનપણે ટકેલી છે.
‘વસ્તુત્વ’ થી તે સ્વયં પોતાના ગુણ–પર્યાયોથી પરિપૂર્ણ છે.
‘દ્રવત્વ’ થી તે પરિણમનશીલ વર્તતી થકી સ્વકાર્ય કર્યા કરે છે.
‘પ્રમેયત્વ’ થી તે સ્વયં પોતે પોતાના જ્ઞાનમાં જણાય છે.
‘અગુરુલઘુત્વ’ થી નિજસ્વરૂપમાં ટકતી થકી અન્ય સાથે ભળતી નથી.
‘પ્રદેશત્વ’ થી અસંખ્ય સ્વપ્રદેશરૂપ નિજધામમાં રહે છે.
‘જ્ઞાન’ ગુણથી આત્મવસ્તુ સ્વયંપ્રસિદ્ધ સ્વસંવેદનરૂપ છે.
–આવી નિજગુણસંપન્ન સ્વવસ્તુના ચિંતનમાં ચિત્તને
એકાગ્ર કરીને હે આત્મા! તું સ્વયં સ્વસંવેદનરૂપ બન.

જ્ઞાતા એક....જ્ઞેય છ.
એકનો જ્ઞાતા તે સર્વનો જ્ઞાતા.
એકનો અજાણ, તે સર્વનો અજાણ.
સ્વતત્ત્વ ઉત્તમ જ્ઞેય છે,
એને જાણતાં આનંદ થાય છે.

卐

વિકલ્પમાં ક્યાંય વિશ્રામ નથી.
સ્વાનુભૂતિ જ આનંદનું ધામ છે.
સર્વોપરિકાર્ય–આત્મહિતસાધના.
શરીરથી આત્મા જુદો તો છે જ,
–તો પછી મરણથી ડરવું શું?

卐

પ્રકાશકઃ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)
મુદ્રકઃ મગનલાલ જૈન, અજિત મુદ્રણાલયઃ સોનગઢ (સૌરાષ્ટ્ર) પ્રતઃ ૨૮૦૦

# ✻ ધાર્મિક શિક્ષણશિબિર અને પ્રભાવનાના સમાચાર ✻

સોનગઢમાં પૂ. કાનજીસ્વામી સુખશાંતિમાં બિરાજમાન છે. સવાર–બપોર ભાવશ્રુતની ધારા વડે શુદ્ધાત્માના મહિમાનું અધ્યાત્મરસપાન સેંકડો જિજ્ઞાસુઓ કરી રહ્યા છે. પ્રવચનમાં અષ્ટપ્રાભૃત (મોક્ષપ્રાભૃત) તથા સમયસાર (સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર) વંચાય છે.

હાલમાં પ્રૌઢ શિક્ષણવર્ગ ચાલી રહ્યો હોવાથી સોનગઢનું વાતાવરણ મોટા ધાર્મિક ઉત્સવ જેવું બની રહ્યું છે, સવારના પાંચથી રાતના દસ–અગિયાર સુધી જ્યાં જુઓ ત્યાં ધાર્મિક ચર્ચા ચાલતી હોય. વહેલી સવારમાં જિનમંદિરમાં જિનેન્દ્ર-અભિષેકનું દૃશ્ય સેંકડો ભક્તો પ્રસન્નતાથી નીહાળતા હોય; જેઓ અભિષેક કરવા ન જઈ શકે તેઓ દૂર ઊભા ઊભા જાણે વિક્રિયા કરતા હોય તેમ હાથ લંબાવીને અભિષેકની ચેષ્ટા વડે અનુમોદન કરતા હોય. પછી મંદિરમાં ચારેકોર ઉપર ને નીચે, માનસ્તંભની ચારે દિશામાં ને સમવસરણમાં સર્વત્ર મધુર રાગરાગણી પૂર્વક ભક્તો પૂજા કરતા હોય, કોઈ સામાયિક કરતા હોય, કોઈ કલાસનું લેસન પાકું કરતા હોય! ભિન્ન ભિન્ન ગામના ચારસો ઉપરાંત સાધર્મીઓ જિજ્ઞાસાથી લાભ લઈ રહ્યા છે. પૂજનાદિ પછી આઠના ટકોરે પ્રવચન શરૂ થાય,—એક કલાક સુધી શ્રીગુરુમુખેથી શુદ્ધાત્મરસભર્યું પ્રવચન સાંભળતાં સાંભળતાં આત્મસન્મુખ થવાની ભાવનાઓ ઘૂંટાય. ગુરુદેવ પણ પ્રસન્નતાથી વારંવાર અનુભવની પ્રેરણા આપે.

પ્રવચન પૂરું થાય કે તરત સેંકડો મુમુક્ષુઓ એકબીજાને હળતા–મળતા ને ચર્ચાવાર્તા કરતા દેખાય; પ્રવચનમંડપ પાસે નાનકડી બજાર પણ શરૂ થઈ જાય; ને પાંચદસ મિનિટમાં પોસ્ટ જોવાનું પતાવીને પાછા તરત સૌ ભાઈઓ શિક્ષણવર્ગમાં બેસી જાય. સવાનવથી સવાદશ અલગ અલગ ત્રણ–ચાર વર્ગો ચાલે, કલાસ પૂરા થતાં ભોજનશાળા–સમિતિનું વાતાવરણ પણ ભોજનવ્યવસ્થાથી ધમધમી ઊઠે. ભોજન બાદ પણ, આરામને લગભગ હરામ કરીને સૌ સ્વાધ્યાયમાં કે સામાયિકમાં બેસી જાય. બપોરે અઢી વાગતાં સડકના રસ્તાઓ પાછા ચાલુ થઈ જાય; સેંકડો શ્રોતાજનો હાથમાં શાસ્ત્રજીને તેડીને પ્રવચનમાં આવતા હોય. અડધો કલાક વહેલા આવીને પ્રવચનના વિષયને લગતી પરસ્પર ચર્ચાવાર્તા કરી લ્યે ને પાછું ત્રણથી ચાર સુધી એક કલાક ચિદાનંદસ્વભાવની ભાવનાનું ઘોલન ગુરુદેવ કરાવે, વચ્ચે વચ્ચે વિદેહક્ષેત્રની પણ થોડીક વાત કરે, જ્ઞાનીનો મહિમા પણ સમજાવે ને શાસ્ત્રનો વિનય સાચવવાનું પણ બતાવે.

પ્રવચન પછી જિનમંદિરમાં ભક્તિ પૂ. બંને બહેનો કરાવે, આખું મંદિર ચિક્કાર ભરાઈ જાય ને અડધો કલાક ભાવભીની ભક્તિમાં સૌ તરબોળ–તલ્લીન બને. ભક્તિ પછી પાછા શિક્ષણવર્ગો ચાલુ થાય, એક કલાક સુધી સુગમ શૈલીથી તત્ત્વચર્ચાનો ધોધ

ચાલે. સાંજે ભોજન પછી પણ ચારેકોર જિજ્ઞાસુઓનાં ટોળાં ફરતાં હોય ને આખા દિવસના અભ્યાસનું પુનરાવર્તન કરતા હોય; જિનમંદિરમાં કેટલાય જિજ્ઞાસુઓ સાયં-સામાયિકમાં ને ચિંતનમાં બેઠા હોય. રાત્રે ગુરુદેવની પાસે કેટલાય પ્રશ્નોની અવનવી ચર્ચા થાય.–આમ આખોય દિવસ ધાર્મિક વાતાવરણ અને સાધર્મીનું સંમેલન દેખીને અંતરમાં પ્રેમ અને વાત્સલ્યની લાગણીઓ ઊભરાય છે ને ધાર્મિક ભાવનાઓ પુષ્ટ થાય છે; વાહ સોનગઢ! તારે ત્યાં કેવો મજાનો ધર્મકાળ વર્તી રહ્યો છે!!

—આ તો થઈ સોનગઢની વાત!—કે જ્યાં ગુરુદેવના સાક્ષાત્ સાન્નિધ્યમાં મહાન ધર્મપ્રભાવના થઈ રહી છે. હવે સોનગઢની બહાર ભારતમાં પણ ગુરુદેવના પ્રતાપે જે ધર્મપ્રભાવના થઇ રહી છે ને ઠેરઠેર સેંકડો–હજારો જિજ્ઞાસુઓ લાભ લઈ રહ્યા છે,–તે પણ ટૂંકમાં જોઈએ.—

ભારતભરમાં ઠેર ઠેર મુમુક્ષુ મંડળોમાં વીતરાગી જૈનધર્મની સ્વાધ્યાય ચાલે છે; તેમજ શિક્ષણ વર્ગો પણ ચાલે છે. મધ્યપ્રદેશમાં વિશેષ ધર્મપ્રચાર થઇ રહ્યો છે. મધ્યપ્રદેશની વિદિશા નગરી કે જે શીતલનાથ ભગવાનનું જન્મધામ છે–ત્યાં ગત જુન માસમાં શિક્ષણશિબિર ચાલી હતી, તેમાં અનેક વિદ્વાનો તેમજ માનનીય પ્રમુખશ્રી વગેરે મહાનુભાવો ઉપસ્થિત હતા. સવારના પાંચથી રાતના દસ સુધી કાર્યક્રમો ચાલતા હતા; વિદ્વાનોના પ્રવચનોમાં હજારો શ્રોતાજનો લાભ લેતા હતા. શિક્ષણશિબિરમાં ૧૧૩ જેટલા જિજ્ઞાસુઓએ ભાગ લીધો હતો. સૌરાષ્ટ્ર–ગુજરાત–મુંબઈ–મધ્યપ્રદેશ વગેરેમાં અનેક સ્થળે જૈન પાઠશાળાઓમાં જૈનબાલપોથી તેમજ વીતરાગ વિજ્ઞાન પાઠમાળા ચાલે છે, ને હજારો વિદ્યાર્થીઓ તેમાં શિક્ષણનો લાભ લ્યે છે. જયપુર ટોડરમલ્લજી સ્મારક સંસ્થા તરફથી પણ આ દિશામાં સારો પ્રયાસ ચાલે છે. અનેક સ્થળોએ જૈનપાઠશાળાઓ ચાલુ કરવા માટે પ્રયત્ન ચાલુ છે, તે માટે પ્રમુખશ્રી નવનીતલાલભાઈ જવેરી, સાગરના શેઠશ્રી ભગવાનદાસજી (મધ્યપ્રદેશ મુમુક્ષુ મંડળના અધ્યક્ષ), તથા વિદિશાના શેઠશ્રી લક્ષ્મીચંદજી (–રાજેન્દ્રકુમારજી) ટ્રસ્ટ વગેરે તરફથી પચ્ચીસ જેટલી પાઠશાળાઓને એક વર્ષ સુધી અનુદાન આપવાની સ્વીકૃતિ મળી છે.–આ રીતે વિદિશા નગરીની શિક્ષણશિબિર ઉત્સાહભર્યા વાતાવરણમાં પૂરી થઈ હતી.

વિદિશા ઉપરાંત ઇન્દોર શહેરમાં પણ મે–જુન માસમાં ૧૧ દિવસની શિક્ષણશિબિર ચાલી હતી, તેમાં ૮૦૦ જેટલા નાનામોટા જિજ્ઞાસુઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો. વિદ્વાનોના પ્રવચનમાં પણ હજારો જિજ્ઞાસુઓ લાભ લેતા હતા.

સાગર, ઉજ્જૈન શહેર, ગ્વાલિયર–લશ્કર તથા મંદસૌર વગેરેમાં શિક્ષણશિબિર અને આધ્યાત્મિક પ્રવચનના આયોજનમાં સેંકડો જિજ્ઞાસુઓએ લાભ લીધો હતો; કયાંક-કયાંક સિદ્ધચક્રવિધાન મહાપૂજન પણ થયું હતું. અશોકનગરમાં પણ પાઠશાળા ચાલુ થઇ છે. આ પ્રમાણે સર્વત્ર વીતરાગી જૈનધર્મની મહાન પ્રભાવના થઇ રહી છે.

જયજિનેન્દ્ર —બ્ર. હરિલાલ જૈન.